પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97
વર્ષ:૨૪, અંક:૮૪, કુલ પાના:૪, તારીખ: ૦૧-૧૨-૨૦૨૦ મંગળવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 84 PRICE :-RS. 1.50 DATE : 01-12-2020
EDITOR, PRINTER PUBLISHER & OWNER : AJAY KANTILAL PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
Whatsapp No.9712880678
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### પૂર્વ લદાખમાં ચાલી રહેલ સરહદ વિવાદ વચ્ચે ડ્રેગનની વધુ એક ચાલ

# ચીનની વધુ એક અવળચંડાઇ: બ્રહ્મપુત્ર નદી પર વિશાળ બંધ બનાવશે

ન્યુ દિલ્હી,

પૂર્વ લદાખમાં ચાલી રહેલ સરહદ વિવાદની વચ્ચે ચીની ડ્રેગન તિબેટમાંથી નીકળતી બ્રહ્મપુત્ર નદી કે યારલુંગ જાંગબો નદીના નીચલા પ્રવાહો પર ભારતીય સીમાની નજીક એક વિશાળકાય ડેમ બનાવવા જઈ રહ્યું છે. આ ડેમ એટલો મોટો હશે જેનો અંદાજો એ વાત પરથી લગાવી શકાય છે તે ચીનમાં બનેલા બીજા દુનિયાના સૌથી મોટા ડેમ થ્રી જોર્જની સરખામણીએ આ ત્રણ ગણો મોટો હાઈડ્રોપાવર પેદા કરી શકશે. ચીનના આ વિશાળ આકારના ડેમથી ભારતના પૂર્વોત્તર રાજ્યો અને બાંગ્લાદેશમાં દુષ્કાળ જેવી સ્થિતિ પેદા થઈ શકે છે.



તિબેટ સ્વાયત્ત વિસ્તારમાંથી નીકળતી બ્રહ્મપુત્ર નદી ભારતના અરૂણાચલ પ્રદેશ રાજ્ય દ્વારા દેશની સરહદમાં પ્રવેશ કરે છે. અરુણાચલ પ્રદેશમાં આ નદીને સિયાંગ કહેવામાં આવે છે. ત્યારબાદ આ નદી અસમ પહોંચે છે ત્યારે તેને બ્રહ્મપુત્ર કહેવામાં આવે છે. અસમથી થઈને બ્રહ્મપુત્ર બાંગ્લાદેશમાં પ્રવેશ કરે છે. બ્રહ્મપુત્રને ભારતના પૂર્વોત્તર રાજ્યો અને બાંગ્લાદેશની જીવનદોરી માનવામાં આવે છે અને લાખો લોકોની આજીવીકા તેના પર નિર્ભર છે.

ચીનના સરકારી અખબાર ગ્લોબલ ટાઈમ્સે સંકેત આપ્યા છે કે આ ડેમ તિબેટના મેડોગ કાઉન્ટીમાં બનાવી શકે છે જે ભારતના અરુણાચલ પ્રદેશની સરહદની ખૂબ જ નજીક છે. ચીન પહેલાં જ બ્રહ્મપુત્ર નદી પર અનેક નાના નાના ડેમ બનાવી ચૂક્યું છે. જો કે નવા ડેમના આકારમાં મહાકાય થવા જઈ રહ્યો છે. આ નવો ડેમ મોટો હશે કે ચીનમાં બનેલા બીજા દુનિયાના સૌથી મોટા ડેમ થ્રી જોર્જની સરખામણીએ આ ત્રણ ગણી હાઈડ્રોપાવર પેદા કરી શકે છે.

કહેવાય છે કે આ નવા ડેમને ચીનની નેશનલ સિક્યોરિટીને ધ્યાનમાં રાખીને બનાવામાં આવી રહ્યો છે. ચીનના પાવર કંસ્ટ્રકશન કોઓપરેશનના ચેરમેન અને પાર્ટીના સેક્રેટરી યાન ઝિયોંગ એ કહ્યું કે તાજી પંચવર્ષીય યોજનાની અંતર્ગત આ ડેમને બાંધવામાં આવશે. આ યોજના ૨૦૨૫ સુધી ચાલશે. તેમણે કહ્યું કે અત્યાર સુધીના ઈતિહાસમાં પહેલા આવો કોઈ ડેમ બન્યો નથી. આ ચીનની હાઈડ્રો પાવર ઈન્ડસ્ટ્રીઝ માટે ઐતિહાસિક તક છે. આ ડેમથી ૩૦૦ અબજ કેડબલ્યુએચ વીજળી દર વર્ષે મળી શકે છે. નિષ્ણાતોનું કહેવું છે કે આંતરરાષ્ટ્રીય નદીઓના મામલામાં ચીને ભારત પર રણનીતિક બઢત મેળવી છે. લોવી ઈન્સ્ટીટ્યૂટના રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે ચીને તિબેટના પાણી પર પોતાનો દાવો કર્યો છે. જેનાથી તે દક્ષિણ એશિયામાં વહેતી ૭ નદીઓ સિંધુ, ગંગા, બ્રહ્મપુત્ર, ઈરાવડી, સલવીન, યાંગટ્ઝી અને મેકાંગના પાણીને નિયંત્રિત કરી રહ્યું છે. આ નદીઓ પાકિસ્તાન, ભારત, બાંગ્લાદેશ, મ્યાનમાર, લાઓસ અને વિયેતનામમાં થઈને પસાર થાય છે. જેમાંથી ૪૮ ટકા પાણી ભારતથી પસાર થાય છે. મનાઈ રહ્યું છે કે આ નવા ડેમને ચીને નેશનલ સિક્યોરિટીને ધ્યાનમાં રાખીને બનાવ્યો છે. બંધથી ૩૦૦ અરબ કેડબલ્યુએચ વીજળી દર વર્ષે મળશે. ચીની બાબતોના નિષ્ણાત શૂ લિપિંગ કહે છે કે આ ડેમથી નીચાણવાળા વિસ્તારોમાં રહેતા ભારત અને બાંગ્લાદેશના લોકો પર ઘણી અસર પડશે. ભારત ચીનની વાતો પર કયારેય વિશ્વાસ કરી શકશે નહીં.

# પાક. મરીન સિક્યોરિટીની અવળચંડાઈ, ૧૮ ભારતીય માછીમારોનું અપહરણ

અમદાવાદ,

પાકિસ્તાન મરીન સિક્યોરિટીએ તેની અવળચંડાઈ જારી રાખી છે. તેણે ભારતના અને તેમા પણ ખાસ કરીને ગુજરાતના ૧૮ માછીમારોનું અપહરણ કર્યુ છે. તેમા પોરબંદરની બે અને ઓખાની એક બોટ હતી. બંને બોટમાં થઈને કુલ ૧૮ માછીમારો હતો. તેઓ રાબેતા મુજબ જ દરિયો ખેડવા નીકળ્યા હતા અને પાકિસ્તાન મરીન સિક્યોરિટીએ તેમને ચેતવણી આપવાના બદલે તેમનું અપહરણ કર્યુ છે.



આ માછીમારો કંઈ ગુનેગાર ન હતાં. તેઓ તેમની આજીવિકા અર્થે નીકળ્યા હતા. તેઓ ભારતની સીમામાં જ હતા તો પણ પાકિસ્તાન મરીન સિક્યોરિટીએ બંને બોટ ઉંધીવાળી દઈને માછીમારોનું અપહરણ કર્યુ હતું.

આ કંઈ પહેલા બનાવ નથી કે પાકિસ્તાન સિક્યોરિટીએ આવી અવળચંડાઈ કરી હોય, તે અગાઉ પણ આવું ઘણી વખત કરી ચૂક્યુ છે. આમ કરીને તે ભારતીય માછીમારોને તેમની સીમાંમાંથી જ માછીમારી કરતાં અટકાવે છે. આ સિવાય દરિયાઈ સરહદ હોઈ ઘણી વખત માછીમારો પણ સરહદ વટાવી દે છે, પરંતુ તેમનો કંઈ બીજા દેશની સરહદમાં ઘૂસવાનો ઈરાદો હોતો નથી.

ભારતીય લશ્કરને સરહદ પર જવાબ આપવામાં નિષ્ફળ ગયા પછી પાકિસ્તાની લશ્કર આ પ્રકારની હીન હરકતો કરીને આત્મસંતોષ મનાવે છે. તે નાગરિકોને હેરાન કરે છે અને પછી આ પકડેલા નાગરિકોને વાટાઘાટ માટેનું શસ્ત્ર બનાવે છે. પાકિસ્તાનની જેલમાં ભારતના આવા કેટલાય નિર્દોષ માછીમારો છે.

આ સિવાય પૂનમના પગલે ભરતી ઓટના લીધે પહેલી અને બીજી ડિસેમ્બરના રોજ દરિયો તોફાની બનતા માછીમારોને દરિયો ન ખેડવાની તંત્ર દ્વારા સૂચના આપવામાં આવી છે.

## હોસ્પિટલમાં આગ લાગ્યા બાદ મનપા એલર્ટ, રાજકોટમાં શરૂ થશે ફાયર ટ્રેનિંગ સેન્ટર

રાજકોટ,

રાજકોટ શહેરમાં ઉદય શિવાનંદ કોવિડ હોસ્પિટલમાં આગ લાગ્યા બાદ તંત્ર સફાળુ જાગી ગયું છે. આ દુર્ઘટનામાં પાંચ દર્દીઓના મૃત્યુ થયા હતા. હવે આ ઘટનામાંથી બોધપાઠ લેતા રાજકોટ મહાનગર પાલિકાએ શહેરમાં ફાયર ટ્રેનિંગ સેન્ટર બનાવવાની જાહેરાત કરી છે. આગ લાગે ત્યારે પ્રાથમિક રીતે આગ બુઝાવી શકાય તે માટે રાજકોટ મનપા દ્વારા તાલીમ કેન્દ્રો શરૂ કરવામાં આવશે. આમ રાજ્યમાં ફાયર ટ્રેનિંગ સેન્ટર શરૂ કરનારૂ રાજકોટ પ્રથમ શહેર બનશે.

મહત્વનું છે કે બે દિવસ પહેલા રાજકોટ શહેરમાં આવેલી ઉદય શિવાનંદ કોવિડ હોસ્પિટલમાં મોડી રાત્રે અચાનક આગ લાગી હતી. આ આગ બાદ ભાગદોડ મચી ગઈ હતી. આ દુર્ઘટનામાં કુલ પાંચ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા હતા. હવે મનપાએ ફાયર ટ્રેનિંગ સેન્ટર બનાવવાની જાહેરાત કરી છે. આ ફાયર ટ્રેનિંગ સેન્ટરમાં હોસ્પિટલના કર્મચારીઓને આગ લાગે ત્યારે તેને પ્રાથમિક રીતે બુઝાવી શકાય તે માટેની તાલીમ આપવામાં આવશે. શહેરમાં કોઈપણ હોસ્પિટલમાં નવા કર્મચારી હાજર થાય તે પહેલા આ ટ્રેનિંગ લેવી ફરજીયાત કરવામાં આવશે. શહેરના નિવૃત ચીફ ફાયર ઓફિસર આર.કે. મહેશ્વરી તાલીમ આપવાના છે. મહાનગર પાલિકા ઈઆરસી ભવનમાં આ ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યૂટની શરૂઆત કરશે.

## ગાંધીનગર અક્ષરધામ મંદિર આજથી ભક્તો ખૂલ્લુ મૂકાશે

ગાંધીનગર,

રાજ્યના પાટનગરમાં આવેલ પ્રસિદ્ધ અક્ષરધામ મંદિરને ૧ ડિસેમ્બરથી સાંજે ૪ થી ૭:૩૦ કલાક દરમિયાન ખુલ્લુ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

આ અંગે પ્રાપ્ત વિગતો પ્રમાણે, કોરોનાના સંક્રમણને ફેલાતુ અટકાવવાના ભાગરૂપે લાગૂ કરવામાં આવેલા લૉકડાઉન બાદ અક્ષરધામ મંદિરને આઠેક મહિના બાદ દર્શનાર્થીઓ માટે ખોલવામાં આવ્યું હતું. આ દરમિયાન પણ કોવિડ ગાઈડલાઈનનું ચુસ્ત પાલન કરવામાં આવ્યું હતુ.

જો કે તે સમે અક્ષરધામમાં આકર્ષણનું કેન્દ્ર રહેલા પ્રદર્શનને બંધ રાખવામાં આવ્યુ હતું. માત્ર મંદિરમાં દર્શન જ ચાલુ રાખવામાં આવ્યા હતા. દિવાળી દરમિયાન પણ દીવાઓથી મંદિરને શણગારવામાં આવ્યું હતું.

દિવાળી બાદ રાજ્યમાં વધી રહેલા કોરોના સંક્રમણને જોતા તકેદારીના ભાગરુપે ગાંધીનગર સ્થિત અક્ષરધામ મંદિરને ૩૦ નવેમ્બર સુધી ભક્તો માટે બંધ રાખવામાં આવ્યું હતું.

### મોદીએ વેક્સીન કંપનીઓને કહ્યું- લોકોને સરળ શબ્દોમાં સમજાવો

# કોરોના કેર: વડાપ્રધાન મોદી શુક્રવારે સર્વપક્ષીય બેઠક કરશે


ન્યુ દિલ્હી,

દેશમાં કોરોના વાયરસ સંક્રમણની હાલની સ્થિતિને ધ્યાને લઈ બચાવના ઉપાયો પર ચર્ચા અને રણનીતિ તૈયાર કરવાને લઈ કેન્દ્ર સરકારે ૪ ડિસેમ્બરે સર્વપક્ષીય બેઠક બોલાવી છે. આ બેઠક વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં સવારે ૧૦:૩૦ વાગ્યે શરૂ થશે. આ ઓનલાઈન બેઠકમાં લોકસભા અને રાજ્યસભાન ફ્લોર લીડર્સને પણ આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

નોંધનીય છે કે, અત્યાર સુધીમાં દેશમાં કોરોના વાયરસથી ૯૪ લાખથી વધુ લોકો સંક્રમિત થઈ ચૂક્યા છે. ૨૪ કલાકમાં ભારતમાં ૩૮.૭૭૨ કોરોના સંક્રમિત સામે આવ્યા છે. આ દરમિયાન ૪૪૩ દર્દીનાં મોત થયા છે, જ્યારે ૪૫,૧૫૨ લોકો સાજા થયા છે. દેશમાં અત્યાર સુધી કોરોના મહામારીથી ૧.૩૭ લાખ દર્દીઓનાં મોત થયા છે.

તેની સાથે જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોવિડ-૧૯ વેક્સીનને વિકસિત કરી રહેલી અને તેનું પ્રોડકશન કરી રહેલી ત્રણ ટીમોની સાથે સોમવારે એક ઓનલાઈન બેઠક પણ કરી. વડાપ્રધાને કંપનીઓને ભલામણ કરી કે તેઓ લોકોને કોરોના વેક્સીનના પ્રભાવી થયા સહિત તેના સાથે જોડાયેલા અન્ય મામલાઓની સરળ ભાષામાં માહિતગર કરવા માટે વધારાના પ્રયાસ કરે.ઉલ્લેખનીય છે કે, પીએમ નરેન્દ્ર મોદીએ શનિવારે અમદાવાદ, હૈદરાબાદ અને પુણેનો પ્રવાસ કર્યો હતો. તેઓએ આ શહેરોમાં કોરોના વાયરસની વેક્સીનના વિકાસની પ્રક્રિયાની સમીક્ષા કરી હતી.

## ૩-૪ મહિનામાં કોવેક્સીન મળી જશે એવા શુભ સંકેત: સ્વાસ્થ્ય મંત્રી




હર્ષવર્ધન મુજબ હાલનો તબક્કે આરોગ્યમાં સૌથી મહત્વપૂર્ણ છે. કોરોના રસી અંગે તેમણે જણાવ્યું હતું કે, આવતા વર્ષના પ્રથમ ૩-૪ મહિનામાં કોરોના રસી ભારત લોકોને મળે તેવી સંભાવના છે. આ પછી જુલાઈ-ઓગસ્ટ સુધીમાં લગભગ ૨૫-૩૦ કરોડ દેશવાસીઓને રસી ઉપલબ્ધ કરવામાં આવશે. ભારત સરકાર તેની તૈયારીઓ કરી રહી છે.

ન્યુ દિલ્હી,

કેન્દ્ર સરકારે લાવેલા ત્રણ નવા કૃષિ કાયદાની વિરુદ્ધ પંજાબ-હરિયાણાના ખેડૂતોએ પોતાનો મોરચો ખોલ્યો છે. આ સમય દરમિયાન, બુરાડી, દિલ્હીના નિરંકારી ગ્રાઉન્ડ પર મોટી સંખ્યામાં ખેડૂતો વિરોધ કરી રહ્યા છે. તે જ સમયે, હજારો ખેડૂતોએ દિલ્હી બોર્ડર પર મોરચો ખોલીને બેઠા છે. કોરોના રોગચાળાને ધ્યાનમાં રાખીને કેન્દ્રીય આરોગ્યમંત્રીએ તમામ ખેડુતોને જાગ્રત રહેવાની સલાહ આપી હતી. દેશના લોકોને કોરોના વાયરસની રસી ક્યાં સુધી મળશે તે પણ જણાવ્યું.

કેન્દ્રીય આરોગ્ય પ્રધાન ડો.હર્ષ વર્ધનએ કહ્યું - "હું તમામ ખેડુતોને કોરોના રોગચાળાને ધ્યાનમાં રાખીને સંપૂર્ણ સતર્ક રહેવાની વિનંતી કરું છું. તેમ જ, પ્રદર્શન દરમિયાન તમામ લોકો માસ્ક લગાવો અને સામાજિક અંતરનું પાલન કરો."

## કૃષિ બિલની ચર્ચા સમયે બંધ થયેલ માઈક મુદ્દે CPWDએ સ્પષ્ટતા કરી

ન્યુ દિલ્હી,

સેન્ટ્રલ પબ્લિક વર્કસ ડિપાર્ટમેન્ટએ સપષ્ટ કર્યુંહતુંકે સંસદમાં લગભગ ૨૦ મિનિટ માટે ઓડિયો ફીડ અટકી ગઈ હતી જયારે ત્રણ મહત્વના કૃષિ બિલ પસાર કરવામાં આવી રહ્યા હતા અને તેના પર ચર્ચા કરવામાં આવી રહી હતી. આ ઘટના ૨૦ સપ્ટેમ્બરના રોજની છે જયારે સંસદમાં ચોમાસા સત્ર ચાલી રહયું હતું.

(અનુ.પાના.નં.૨)

# કૃષિ કાયદાએ ખેડૂતોને નવા વિકલ્પ આપ્યા, કેટલાક લોકો ભ્રમ ફેલાવે છે: મોદી

વારાણસી,

પીએમ મોદીએ તેમની મુલાકાત દરમિયાન, પ્રયાગરાજના હંડિયાથી વારાણસીના રાજતાલાબ સુધીના સિક્સ લેન રોડ પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કર્યું હતું. ત્યાર બાદ તેમણે કાશી વિશ્વનાથ મંદિરમાં પૂજા અર્ચના પણ કરી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ખેડૂત આંદોલન દરમિયાન આજે પોતાના સંસદીય મત વિસ્તાર વારાણસીમાં ખેડૂતોને ખાસ યાદ કર્યા. તેમણે પોતાના ભાષણમાં કાશીના ખેડૂતોને અન્નદાતા કહીને બોલાવ્યા અને નમસ્કાર કર્યા. પીએમ મોદીએ વિપક્ષ પર ખેડૂતોને ઉશ્કેરવાનો આરોપ લગાવતા કહ્યું કે દાયકાઓ સુધી ખેડૂતો સાથે છળ થયું છે અને હવે આમ કરનારા જ દેશના ખેડૂતોમાં ભ્રમ ફેલાવી રહ્યા છે. પીએમ મોદીએ પોતાના ભાષણમાં ખેડૂતોના દરેક સવાલનો જવાબ આપવાનો પ્રયાસ કર્યો.



વડાપ્રધાન મોદીએ કહ્યુ કે કૃષિ કાયદા પર ખેડૂતોમાં ભ્રમ ફેલાવવામાં આવી રહ્યો છે. તેમણે કહ્યું કે જેમણે ખેડૂતો સાથે છળ કર્યુ છે તેઓ હવે ખેડૂતોમાં ભ્રમ ફેલાવી રહ્યા છે. નવા કાયદા ખેડૂતોને વિકલ્પ આપનારા છે.

પીએમ મોદીએ કહ્યું કે અમારી સરકાર તો મંડીઓને વધુ આધુનિક બનાવવા માટે કરોડો રૂપિયા ખર્ચ કરી રહી છે. એમએસપી પર ખેડૂતોનો પાક વેચવામાં આવી રહ્યો છે. તેમણે કહ્યું કે તમારે યાદ રાખવું જરૂરી છે કે આ એ જ લોકો છે જેઓ પીએમ કિસાન સન્માન નિધિને લઈને સવાલ ઉઠાવતા હતા. આ લોકો અફવાઓ ફેલાવતા હતા. એક રાજ્યે કિસાન સન્માન યોજનાને પોતાના રાજ્યમાં લાગુ જ ન થવા દીધી. કેટલાક લોકોએ તો પોતાની રાજનીતિ બચાવવા માટે આવું કર્યું.

જો કોઈ જૂની સિસ્ટમથી લેવડદેવડને યોગ્ય સમજે તો આ કાયદામાં કોઈ રોક લગાવવામાં આવી નથી. નવા કૃષિ સુધારાથી નવા વિકલ્પ અને ખેડૂતોને કાયદાકીય સંરક્ષણ આપવામાં આવ્યું છે.

તેમણે કહ્યું કે છેલ્લા કેટલાક સમયથી એક અલગ જ ટ્રેન્ડ દેશમાં જોવા મળી રહ્યો છે. પહેલા જો સરકારનો કોઈ નિર્ણય પસંદ ન આવે તો વિરોધ થતો હતો. પણ હવે વિરોધનો આધાર નિર્ણય નહીં પરંતુ ભ્રમ ફેલાવવામાં આવે છે. આ એ જ લોકો છે જેમણે દાયકાઓ સુધી ખેડૂતો સાથે છળ કર્યુ હતું. પહેલા એમએસપી તો હતું પરંતુ તેના પર ખરીદી થતી નહતી. વર્ષો સુધી એમએસપી ને લઈને છળ કરાયું.

ખેડૂતોને નામે પહેલાની સરકારોએ દગો કર્યો. યોજનાઓનાં નામ પર છળ, ખેડૂતોના નામ પર છળ, ખાતરના નામ પર છળ. ખાતર ખેતર કરતા વધુ કાળાબજારીઓ પાસે પહોંચી જતું હતું. પહેલા મત માટે વચન અને પછી છળ. લાંબા સમય સુધી આ

(અનુ.પાના.નં.૨)

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

એન. ડી. રાઠોડ
મુ. ખડેવાળ, તા. કાલોલ

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

આર. આર. પરમાર
હાલોલ

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# સંતરામપુરમાં આદિવાસી સમાજ દ્વારા શીરાનું પુજાવિધિ કરાઈ

સંતરામપુર,

દેવ દિવાળીના આગામી દિવસે ‘‘ચૌદશ’’ ના પર્વ તરીકે આદિવાસી સમાજ અને ક્ષત્રિયો આ પર્વને પુર્વજોને યાદ કરીને અને તેઓના શિરાનુ પુજાવિધિ કરીને ઉજવે છે. આદિવાસી સમાજમાં શીરાવિધિ અને ચૌદસના પર્વનુ અનેરૂ મહત્વ છે. આદિવાસી સમાજની પરંપરા રિતી–રિવાજ મુજબ સંતરામપુર, કડાણા, તાલુકામાં ઉજવણી ઉત્સાહભેર કરવામાં આવી હતી.

ચૌદશના પર્વની ધામધુમથી ઉજવણી કરવામાં આવી હતી. ગામે ગામે શીરા પુજન અને ઝાપા છોડવાની વિધિ તેમજ મૃતકોની યાદમાં શીરા નાંખવામાં આવે છે. મૃતક સ્ત્રીની યાદમાં ચોખલી અને પુરૂષની યાદમાં શીરો નંખાય છે. આદિવાસી સંસ્કૃતિના લોકગીતો અને ઢોલના તાલે નાચગાન કરી પરંપરાગત રીતે ઉત્સવ મનાવવામાં આવે છે. સુડો પુજન વિધિ બાદ સમુહભોજન કરવામાં આવે છે. પ્રકૃતિનો રક્ષક સમાજ એવો આદિવાસી સમાજ પરંપરાગત રીતે દિવાળી બાદ પંદર દિવસ સુધી રાત્રિના મહિલાઓ અને પુરૂષો યુવાનો સૌ કોઈ ઘેર ઘેર જઈ સાલો રમે છે.

## સંતરામપુર તાલુકાના ભંડારા ગામે દેવ દિવાળી(સૌઉદેહ)ની ધામધૂમથી ઊજવણી


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,

પિતૃ પૂજનમાં માનતા આદિવાસી સમાજની વસ્તી ધરાવતા ભંડારા ગામે આજે દર વર્ષની જેમ નવા પાળીયા (શીરા) બાવસીની રોપણી તેમજ પૂર્વજ પુજા ગામના દરેક ઘરના નાગરિકો એ ભેગા મળીને આસ્થા પુર્વક પોતાના પિતૃઓને યાદ કર્યા હતા. સમગ્ર પૂજા દરમિયાન મોટી સંખ્યામાં ગ્રામજનો હોવાથી યુવાનો એ પૂજાથી લઈને જમણવાર સુધી સોશ્યલ ડીસ્ટન્સ જળવાય તે માટે વિશેષ કાળજી લઈને કાર્ય ક્રમને સફળતાપૂર્વક પાર પાડ્યો હતો.

(પાન નં.૧ નું ચાલુ)

### કૃષિ કાયદાએ ખેડૂતોને.....

જ ચાલતું રહ્યું છે. જ્યારે ઈતિહાસ છળનો રહ્યો હોય તો ત્યારે બે વાતો ખુબ સ્વાભાવિક છે, પહેલી એ કે ખેડૂતો જો સરકારની વાતોથી આશંકિત રહે તો તેની પાછલ દાયકાઓ સુધીનો લાંબો છળનો ઈતિહાસ છે. જેમણે વચનો તોડ્યા, છળ કર્યું તેમના માટે આ જૂઠ ફેલાવવું એક પ્રકારની આદત અને મજબૂરી બની ગયા છે. કારણ કે તેમણે આવું જ કર્યું હતું. આથી એ જ ફોર્મ્યુલા લગાવીને આ જ જુએ છે.

પીએમ મોદીએ કહ્યું કે આશંકાઓના આધારે ભ્રમ ફેલાવનારાઓની સચ્ચાઈ સતત દેશ સામે આવી રહી છે. જ્યારે એક વિષય પર તેનું જૂઠ્ઠાણું ખેડૂતો સમજી જાય છે. ૨૪૭૭ તેમનું આ જ કામ છે. જે ખેડૂત પરિવારોને કોઈ ચિંતા છે તેમના જવાબ આપવાનું કામ સરકાર કરે છે અને તેમની કોશિશ કરે છે. આપણા અન્નદાતા આત્મનિર્ભર ભારતનું નેતૃત્વ કરશે. આજે જે ખેડૂતોમાં કૃષિ સુધારાઓને લઈને કેટલીક શંકા છે તેઓ પણ ભવિષ્યમાં આ સુધારાઓનો લાભ ઉઠાવીને પોતાની આવક વધારશે એ મારો પાક્કો વિશ્વાસ છે.

પીએમ મોદીએ કહ્યું કે ખેડૂતોને આધુનિક સુવિધાઓ આપવી, નાના ખેડૂતોને સંગઠિત કરીને તેમને શક્તિશાળી બનાવવા અને ખેડૂતોને મજબૂતત કરવાનો પ્રયત્ન ચાલુ છે. પાક વીમો હોય કે સિંચાઈ, બીજ હોય કે બજાર દરેક સ્તરે કામ થયું છે. ખેડૂતોના હિતમાં કરાયેલા કૃષિ સુધારા આવા જ વિકલ્પ ખેડૂતોને આપે છે. જો ખેડૂતોને કોઈ એવો ખરીદાર મળી જાય જે સીધા ખેતરમાંથી પાકને ઉઠાવે તો શું ખેડૂતોને પોતાનો પાક વેચવાની આઝાદી મળવી જોઈએ કે નહીં.

### કૃષિ બિલની ચર્ચા સમયે....

જયારે સમગ્ર વિપક્ષ થઈને રહયું હતુ ત્યારે તેમના વિરોધ વચ્ચે ત્રણેય બિલ પસાર કરી દેવામાં આવ્યા હતા. સમગ્ર શોરબકોર વચ્ચે ૮ સાંસદોને રાજ્યસભા માંથી સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા હતા. જેને લઈને સભ્યો રાતભર ધરણા પર બેઠા હતા. એક આરટીઆઈ એપ્લિકેશનની અરજીના જવાબમાં સીપીડબલ્યુડીએ સમગ્ર સ્પષ્ટીકરણ આપ્યું છે.

‘‘સંસદની સુવિધાઓ મેઈનટેઈનન્સ કરતુ સીપીડબલ્યુડી સ્પષ્ટ કરે છે કે સંસદનો ૨૦ સપ્ટેમ્બરે બપોરે ૧ વાગીને ૫ મિનિટથી ૧ વાગીને ૩૫ મિનિટ સુધીનો ઓડિયો ફીડ બંધ થઈ ગયો હતો. આ માટેનું કારણ એવું હતું કે ચેરમેનની સીટ પાસે રહેલા માઈકને કેટલાક સાંસદો દ્વારા વિરોધ કરતા નુકશાન પહોંચાડવામાં આવ્યું હતું.’’

(પાન નં.૪ નું ચાલુ)

### ગોધરા બહારપુરા વરૂણદેવ......

બાતમીના આધારે પોલીસે રેડ કરી હતી. રેડ દરમ્યાન ચમન ઉર્ફે અમન મુલચંદ કલવાણી, લખનભાઈ ટેકચંદ કલવાણી, જામનદાસ આસનદાસ દામવાણી, મુલચંદભાઈ લધારામ જુડાણી, ભરતભાઈ વાસુભાઈ અડવાણી, ભોજરાજ તારાચંદ મુલચંદાણી ને ઝડપી પાડયા હતા. પકડાયેલ ઈસમોને ૧૦,૫૮૦/– રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યા. આ બાબતે ગોધરા એ ડિવીઝન પોલસી મથકે જુગારધારા હેઠળ ફરિયાદ નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

# ગોધરા સિવિલ હોસ્પિટલના કોવિડ વોર્ડમાં આગની ઘટનાની સ્થિતિમાં તૈયારીઓની ચકાસણી કરવા મોકડ્રીલ યોજાઈ

ગોધરા,

પંચમહાલ જિલ્લાની ગોધરા સિવિલ હોસ્પિટલમાં આગની સ્થિતિને પહોંચી વળવા પૂર્વ તૈયારીઓની સમીક્ષા કરવા આજે પંચમહાલ જિલ્લા કલેક્ટર અને જિલ્લાના પોલીસ વડાની ઉપસ્થિતમાં મોકડ્રિલ યોજાઈ હતી. જિલ્લા કલેક્ટરએ આગની સ્થિતિમાં એકશનમાં આવતા ફાયર, ૧૦૮, પોલીસ સહિતના વિભાગોનો રિસ્પોન્સ ટાઈમ અને સંકલનની સમીક્ષા કરી હતી તેમજ રાહત પહોંચાડવાનો સમય ઘટાડવા માર્ગદર્શન–સૂચના આપ્યા હતા. આ અગાઉ ગોધરા સિવિલ સર્જન અને અન્ય સંબંધિત વિભાગના વડાઓ સાથે ફાયર સેફટી સિસ્ટમ સંદર્ભે એક સમીક્ષા બેઠક પણ હાથ ધરી હતી. જેમાં આગની ઘટના સમયે કેવી સમયસૂચકતા વાપરી શકાય અને કેવા પગલાં ભરી શકાય સહિતની બાબતો અંગે ચર્ચા કરવામાં આવી હતી. જિલ્લા સમાહર્તાએ સલામતી અને રાહતની તૈયારીઓમાં ખામી અંગે ચર્ચા કરતા આગની સ્થિતિમાં એમ્બ્યુલન્સ ઝડપથી સ્થળે કોઈ અવરોધ વગર પહોંચે, અન્ય દર્દીઓ અને તબીબી સેવાઓ ન ખોરવાય તે રીતે રાહત પ્રક્રિયા હાથ ધરવામાં આવે તે સહિતના મુદ્દાઓ અંગે માર્ગદર્શન આપ્યું હતું. મોકડ્રિલનું નિરીક્ષણ કરી તેમણે જે મુદ્દાઓમાં સુધારની તેમજ કર્મચારીઓને તાલીમની જરૂર છે તે અંગે માર્ગદર્શન સૂચના આપ્યા હતા. આ સમગ્ર તૈયારીઓ ૨ દિવસમાં પૂર્ણ કરવા તેમણે સૂચના આપી હતી. આ નિમિત્તે જિલ્લા પોલીસ વડા, સિવિલ હોસ્પિટલ અને આરોગ્ય વિભાગ, ૧૦૮ સહિતના વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.


તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

## ગોધરા સિવિલ હોસ્પિટલ હાંસડી અને ખભાની કટોરીનું જટીલ ઓપરેશન સફળ

ગોધરા,

ગોધરા સિવિલ હોસ્પિટલમાં અકસ્માત દરમિયાન ઈજાગ્રસ્તને થયેલા હાંસડી અને ખભાની કટોરીનુ જટીલ ઓપરેશન કરવામાં આવ્યુ છે. જવલ્લે જ આ પ્રકારની ઈજા એકસાથે થતી હોય છે અને આ ઓપરેશન પણ કેટલાંક તબીબો જ કરતા હોય જે સંજોગોમાં ઈજાગ્રસ્ત માટે ગોધરા સિવિલ હોસ્પિટલ પણ આશિર્વાદરૂપ સાબિત થઈ છે. ઓપરેશનનો કોઈપણ તબીબી ખર્ચ કર્યા વિના જ સિવિલ હોસ્પિટલમાં સફળ ઓપરેશન કરવામાં આવતા ઈજાગ્રસ્ત હાલ સ્વસ્થ છે.

ગોધરા સિવિલ હોસ્પિટલમાં અકસ્માતમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલ યુવક દિલીપસિંહ ઠાકોરને સારવાર માટે લાવવામાં આવ્યા હતા. દરમિયાન તબીબી પરીક્ષણમાં તેઓને જમણા ખભામાં ઈજાઓ થઈ હતી. જેનો એકસ–રે કર્યા પછી ખભાનુ ગંભીર પ્રકારનુ ફ્રેકચર થયુ હોવાનુ જાણવા મળ્યુ હતુ. ઈજાગ્રસ્તને જમણા ખભાની કટોરી અને હાંસડીનુ એકસાથે ફ્રેકચર એક સાથે થતાં ખભાના બંને સપોર્ટિવ હાડકા તુટી ગયા હતા. આ પ્રકારનુ ફ્રેકચર બહું જ ઓવા દર્દીઓમાં જોવા મળે છે. અને તેના માટે ઓપરેશન કરાવવુ જરૂરી હોય છે. સામાન્ય રીતે આ ઓપરેશન ખુબ જોખમી ગણાતુ હોય છે. અને તેના માટે ઉચ્ચસ્તરની કુશળતા જરૂરી છે. જે માટેનો અમદાવાદ કે વડોદરા જેવા મોટા શહેરોની હોસ્પિટલોમાં જવુ પડતુ હોય છે. જેમાં પણ અમુક ઓર્થોપેડિક સર્જન આ ઓપરેશન કરતા હોય છે જે પણ ખર્ચાળ હોય છે.

જે સંજોગોમાં ગોધરા સિવિલ હોસ્પિટલના ઓર્થો.સર્જન ડો.સોહમ પટેલે ઈજાગ્રસ્તને સંમતિ આપતા આ બંને હાડકા માટેના બે સફળ ઓપરેશન કોઈપણ જાતના કોમ્પિલેકશન વગર પાર પાડયા હતા. જેના બાદ હાલ દર્દી પોતે એકદમ સ્વસ્થ છે. અને પોતાના હાથનુ હલનચલન પણ કરી શકે છે.

## જાંબુઘોડાના બોડેલી-હાલોલ રોડ ઉપર ટેલરની અડફેટે બાઈક ચાલકનું મોત

જાંબુઘોડા,

જાંબુઘોડા તાલુકાના બોડેલી–હાલોલ રોડ ઉપર આવેલ જબાણ ગામ પાસે ટેલર ચાલકે પોતાનું વાહન પુરઝડપે હંકારી લાવી બાઈકને અડફેટમાં લઈ ચાલકને ગંભીર ઈજાઓ પહોંચાડતા મોત નિપજાવી ગુનો કર્યાની ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે જાંબુઘોડા તાલુકાના બોડેલી–હાલોલ રોડ ઉપર આવેલ જબાણ ગામ પાસેથી પસાર થતું ટેલર નંબર એમ.એચ.૦૪. ઈએલ. ૪૨૮૫ના ચાલકે પોતાનું વાહન પુરઝડપે હંકારી લાવી રોડ ઉપર થી પસાર થતી પલ્સર બાઈકને પાછળ થી અડફેટમાં લીધી હતી અને ચાલક ભુરાભાઈ મગનભાઈ તડવીને ગંભીર ઈજાઓ પહોંચાડી મોત નિપજાવ્યું હતું. તેમજ અજયભાઈ તડવીને પગના ભાગે ફેકચર કરી રોહિતભાઈને ઈજાઓ પહોંચાડી હતી. આ બાબતે જાંબુઘોડા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોધાવા પામી છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૫૨, વીર સંવત-૨૫૫૬, ઈસ્લામીક સંવત-૨૫૫૫, તા. ૦૧-૧૨-૨૦૨૦, મંગળવાર, નિજ કારતક વદ-૧, સૂર્યોદય-૭-૧૧, સૂર્યાસ્ત-૬-૦૦, જૈન નવકારશી-૭-૫૯, આજની રાશિ: મિથુન (ક.છ.ઘ.), નક્ષત્ર: રોહિણી

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | - શુભ ચોઘડીયા -<br>અભિજીત-૧૨-૧૪ થી ૧૨-૫૮,૯-૫૪ થી ચલ-લાભ-અમૃત-૧૩-૫૭ સુધી ૧૫-૧૮થી શુભ-૨૬-૪૦ સુધી, ૨૨-૫૭થી શુભ-૨૪-૩૬ સુધી<br><br>- શુભ હોરા-<br>૮-૫૯થી ૧૧-૪૨ સુધી, ૧૨-૩૬થી ૧૩- ૩૦ સુધી, ૧૫-૧૮થી ૧૮-૦૧ સુધી, ૧૯-૦૬ થી ૨૦-૧૩ સુધી |

# ગૃહમંત્રી અમિત શાહે અમદાવાદમાં બે ઓવરબ્રિજનું ઈ-લોકાર્પણ કર્યુ

અમદાવાદ,

સરખેજ-ગાંધીનગર હાઈવે પર પસાર થતા સમયે પકવાન ચાર રસ્તા પર અનેકગણો ટ્રાફિક હોય છે. અત્યારે સૌથી વ્યક્ત ગણાતા જજીસ બંગલો રોડ અને સીંધુ ભવન રોડના ટ્રાફિકને કારણે સૌથી વધારે સમય અહીનાં ટ્રાફિક પોઈન્ટ પર રાહ જોવી પડતી હતી.જોકે, હવે વાહન ચાલકો માટે આ ઓવરબ્રિજના લોકાર્પણ થતા રાહત થશે.

આજે અમિત શાહ પકવાન ચારરસ્તા પર બનેલા બ્રિજનું ઈ-લોકાર્પણ કર્યું. સાથે જ સરખેજ ચોકડી પર બનેલા ઓવરબ્રિજનું પણ અમિત શાહ ઈ-લોકાર્પણ કર્યું. નવા અમદાવાદ શહેરથી ગાંધીનગર જતા લોકો માટે પણ મોટી રાહત થશે. આ લોકોર્પણમાં ના.મુખ્યમંત્રી નીતિન પટેલ અને સીએમ રૂપાણી પણ જોડાયા હતા.

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે આ કાર્યક્રમમાં બન્ને ફ્લાય ઓવરનું ઉદ્ઘાટન કરતા જણાવ્યું કે, આગામી સમયમાં સરખેજથી ચિલોડા સુધી ટ્રાફિક જંકશન વગર સીધા જ પહોંચી શકાય તેવો માર્ગ



તૈયાર થવા જઈ રહ્યો છે. ભારતભરમાં ૫૦ કિલોમીટરના રસ્તા પર ક્યાંય પણ ટ્રાફિક જંકશન ના આવે એવી જગ્યા ઓછી હશે, કદાચ નોઈડા પછી પહેલીવાર દેશભરની અંદર આ વ્યવસ્થા આપણા ગુજરાતમાં ઉભી થવા જઈ રહી છે. ગુજરાતનો વિકાસ વડાપ્રધાન નરેન્દ્ર મોદી જ્યારે મુખ્યમંત્રી હતા ત્યારથી શરૂ થયો છે જેને વર્તમાન મુખ્યમંત્રી વિજયભાઈ અને નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ સારી રીતે આગળ વધારી રહ્યા છે જે સારી બાબત છે.

પીએમ મોદીના નેતૃત્વમાં ગુજરાતે ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રમાં ભારતભરમાં પ્રથમ સ્થાન જાળવી રાખ્યું છે. બંદરોને ગુજરાત સાથે જોડવાના હોય, તીર્થક્ષેત્રોને ગુજરાત સાથે જોડવાના હોય, ઈન્ડસ્ટ્રીયલ ટાઉનશીપને ગુજરાત સાથે જોડવાની હોય, મોટા મોટા રેલવે સ્ટેશનનોને ગુજરાત સાથે જોડવાના હોય, સાગર કિનારાને ગુજરાત સાથે જોડવાના હોય તમામ બાબતોમાં ગુજરાત મોખરે છે.

હવે ઈસ્કોન ઓવરબ્રિજથી સીધા જ સોલા ઓવરબ્રિજ સુધી સરળતાથી પહોંચી શકાશે. એસ.જી.હાઈવે પર સૌથી મોટા બે ટ્રાફિક પોઈંટને ઓવરપાસ કરી શકાશે. સરખેજથી ચિલોડા સુધી ઓવરબ્રિજ પ્રોજેક્ટના ભાગરૂપે પહેલું મોટું કામ પૂર્ણ થયું છે. સરખેજથી વૈષ્ણોદેવી સર્કલ સુધી બની રહેલા ૬ ઓવરબ્રિજમાંથી બેનું લોકાર્પણ કરવામાં આવ્યું. જેથી સૌરાષ્ટ્રમાંથી આવતા સરખેજ થઈને ગાંધીનગર જવા માગતા લોકોને પણ મોટી રાહત થશે. એટલું જ નહીં પણ જાહેર વાહનવ્યવહાર સેવાને પણ આ બે ઓવરબ્રિજના લોકાર્પણથી સમયની બચત થશે. અમદાવાદના સૌથી વધુ વાહન લોડ ધરાવતા એસ.જી.હાઈવેનું ટ્રાફિક ભારણ ઓછું થશે.

સરખેજ ચોકડી પર ઓવરબ્રિજ ૩૬ કરોડના ખર્ચે બન્યો છે જ્યારે પકવાન ચાર રસ્તા પર ૩૫ કરોડના ખર્ચે ઓવરબ્રિજ બન્યો છે. ૨૦૧૬માં ૮૬૭ કરોડના ખર્ચે એસ.જી.હાઈવે પર ૬ બ્રિજ બનાવવાના કામો મંજૂર થયા હતા. આ ઓવરબ્રિજ માર્ગ અને મકાન વિભાગના બજેટમાંથી બની રહ્યાં છે.

# ગુજરાત પહેલુ રાજ્ય હશે અમદાવાદ-ગાંધીનગર પર ટોલ નહી લેવાય: પટેલ

અમદાવાદ,

ભારત સરકારના માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય તથા ગુજરાત સરકારના માર્ગ અને મકાન વિભાગના સહયોગથી અમદાવાદમાં નિર્માણ પામેલા રૂ. ૭૧ કરોડના બે ફ્લાય ઓવરનું અમિત શાહે ઈ-લોકાર્પણ કર્યું છે. સિંધુ ભવન ચાર રસ્તા ફ્લાય ઓવર બ્રિજ અને સાણંદ જંકશન ફ્લાય ઓવર બ્રિજનું ઈ-લોકાર્પણ કરવામાં આવ્યું છે. આ પ્રસંગે, મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી તથા નાયબ મુખ્યમંત્રી નિતિનભાઈ પટેલ આ અવસરે ઉપસ્થિત રહ્યા હતા. તેમની સાથે આ પ્રસંગે મહેસૂલ મંત્રી કૌશિકભાઈ પટેલ, ગૃહ રાજ્ય મંત્રી પ્રદિપસિંહ જાડેજા, મેયર બિજલ પટેલ, સાસંદ સભ્યો, ધારાસભ્યઓ તેમજ




પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યું કે, અમિતભાઈ વ્યસ્ત હોવા છતાં વિનંતીને માન રાખી આશિર્વાદ લોકાર્પણ કરવા એકજ મિનિટમાં સમય આપ્યો છે તેથી આભારી છીએ. તેમણે જણાવ્યું કે, ભારત સરકારના નિયમ મુજબ નેશનલ હાઈવે પર ટોલ લેવાનો હોય છે. અમે કેન્દ્ર સરકારને રજુઆત કરી અમદાવાદ ગાંધીનગર એક એ શહેર છે માત્ર નામ અલગ છે. સતત લોકોની અવરજવર હોવાથી ટોલ લેવુ યોગ્ય નથી અને કેન્દ્ર સરકારે કોઈપણ ટોલ ન લેવાની મંજુરી આપી. ગુજરાત પહેલુ રાજ્ય હશે જેમાં ટોલ નહી લેવાય. કોરોનામા અનેક અઘરુ હતુ છતા પ્રોજેક્ટ આગળ ચાલ્યો. ૧૫ હજાર કરોડ રૂપિયાના માર્ગ મકાન દ્વારા પ્રોજેક્ટ સાથે તમામ લોકોને રોજગારી મળે તેનો પ્રયાસ ગુજરાતમાં ભારત સરકારના સહયોગથી ચાલે છે.

આ ઉપરાંત તેમણે જણાવ્યું કે, ૯૬૫ કરોડનો ઓખાથી બેટ દ્વારકા પુલ બનાવવાનું કામ ટૂંક સમયમાં પતી જશે. તેમણે વધુમાં જણાવ્યું કે, રેલવે મંત્રીને વાત કરીને રાજયના અને કેન્દ્ર સરકાર ગુજરાતને ફાટક મુક્ત બનાવશે. ૭૪૦૦ કરોડના ખર્ચે ગુજરાત ફાટક મુક્ત બનશે. નગરપાલિકા અને કોર્પોરેશનની ગ્રાન્ટ આપીને શહેરમાંથી જે રેલવે લાઈન પસાર થાય છે તેને ઓવરબ્રિજ કરવામાં આવશે. આગામી સમયમાં ગુજરાતમાં ૬૮ જેટલા ઓવરબ્રિજ બનશે.

## રાજ્ય સરકાર કોરોના કેસ અને મૃત્યુઆંક છુપાવી રહી છે: અર્જુન મોઢવાડિયા

અમદાવાદ,

ગુજરાતમાં વિજય રૂપાણી સરકાર કોરોનાના કેસો છૂપાવીને સાચા આંકડા નહીં આપતી હોવાનો આક્ષેપ કરાયો છે. કોંગ્રેસ નેતા અર્જુન મોઢવાડિયાએ પત્રકાર પરિષદમા કહ્યું કે, ગુજરાત સરકાર કોરોના કેસ અને મૃત્યુના આંક છૂપાવી રહી છે. ગુજરાત સરકારે કોરોનાના ૩૫ લાખ કેસો છૂપાવ્યા છે જ્યારે સરકાર જાહેર કરે છે તેના કરતાં મોતનો આંકડો દસ ગણો છે. મોઢવડિયાએ કહ્યું કે, હમણા આઈસીએમઆરએ આંકડા બહાર પાડ્યા તે મુજબ આંકડા છુપાવવામાં ગુજરાત બિહાર બાદ આંકડા છુપાવવામાં બીજા નંબરનું રાજ્ય છે. ગુજરાત સરકાર દ્વારા ૩૫ લાખ જેટલા કેસ છૂપાવવામાં આવ્યા છે અને પહેલાં ટેસ્ટ કરવામાં ન આવ્યા એ પછી દર્દીઓની સંખ્યા છુપાવવામાં આવી છે. તેમણ કહ્યું કે, હાલ ટેસ્ટ પણ વધ્યા છે પણ મોતનો આંકડો બતાવવામાં આવે છે તેના કરતાં ૧૦ ગણાં મોત થઈ રહ્યા છે.

## દૈનિક રાશીફળ

તા.૦૧.૧૨.૨૦૨૦ મંગળવાર

મેષ (અ.લ.ઈ.) :- નોકરીમાં ચીવટ રાખજો શેર સટ્ટામાં જાળવજો વિદેશ સાથેના બીઝનેશમાં સફળતા મલવાની પ્રવાસ થાય.

વૃષભ (બ.વ.ઉ.) :- સીઝનલ ધંધામાં અનુકુળતા રહે. લગ્ન જીવનમાં ગેર સમજો ટાળજો નવા સંબંધો બાબત ઉતાવળ ન કરવી.

મિથુન (ક.છ.ઘ.) :- મહત્વના નિર્ણયો લેવા પડે ધાર્મિક કાર્યમાં સફળતા ભાઈ-બહેનો સાથે પ્રવાસનું આયોજન થાય.

કર્ક (ડ.હ.) :- અનુભવોનો લાભ મેળવશો લખાણ દસ્તાવેજો ના કાર્યોમાં સફળતા રહે. સંગીત કલાક્ષેત્રે ખેચાણ રહે.

સિંહ (મ.ટ.) :- વિદેશ વસતા મિત્ર તરફથી આર્થિક લાભ રહે. કાનૂની પ્રશ્નોમાં સમાધાન વૃતિ અપનાવો મિલ્કતથી લાભ.

કન્યા (પ.ઠ.ણ.) :- લકઝરી ચીજ વસ્તુની ખરીદી પાછળ ખર્ચ રહે. મિત્રો સાથે નાણાકીય બાબોતમાં સર્તકતા રાખવી પ્રવાસ થાય.

તુલા (ર.ત.) :- દલીલબાજીથી દૂર રહેજો મળતાવડો સ્વભાવ લાભ દાયક રહેશે. વડીલોનું માર્ગ દર્શન ધ્યાનમાં લેજો કર્જ ન કરવુ.

વૃશ્ચિક (ન.ય.) :- મિલ્કતના પ્રશ્નોને લઈને પરિવારના સભ્યો સાથે મતભેદોની શકયતાઓ ઉભી થાય વિદેશથી લાભ રહે. માતાથી લાભ.

ધન (ભ.ધ.ફ.ઢ.) :- શેર સટ્ટાથી જાળવજો. આવકર્તા ખર્ચ ન વધે તેનું ધ્યાન રાખજો. લગ્ન જીવનમાં સુમેળ વધવાનો ઉત્સાહ વધે.

મકર (ખ.જ.) :- નકારાત્મક વિચારો ટાળજો મનગમતી વ્યકિતની મુલાકાત થાય. નાણાકીય લાભની આશા ફળવાની મહેનત ફળે.

કુંભ (ગ.શ.સ.) :- મહત્વના નિર્ણયો બાબત હિતેચ્છુઓની સલાહ લેજો જુના રોકાયેલા નાણા છુટા થાય કર્મચારી વર્ગનો સહકાર રહે.

મીન (દ.ચ.ઝ.) :- ભાઈ-બહેનો સાથેની મુલાકાત લાભ દાયક રહેશે. નોકરીમાં મનગમતી જગ્યા મલે. પરિવારના ધંધામાં લાભ રહેશે.

**દાહોદ આવૃત્તિ**
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

**પંચમહાલ સમાચાર**

# દાહોદ જિલ્લાના શાળા સંચાલકોના પ્રશ્નોની રજુઆત

દાહોદ,

દાહોદ જિલ્લા શાળા સંચાલક મંડળના પ્રમુખ ગોપાલભાઈ ધાનકા, મહામંત્રી એમ.બી.જાટવા ડો. મનહરસિંહ મેડ એક સયુકત નિવેદન માં તા ૨૦/૧૧/૨૦૨૦ ના રોજ શાળાઓના પ્રશ્નો બાબતે રૂબરૂ રજુઆતથી જણાવે છે કે દાહોદ જિલ્લા શિક્ષણાધિકારીના તા.૦૯/૧૧/૨૦૨૦ ના પત્રથી માધ્યમિક ઉ.મા.અને ઉ.બુ. શાળાઓમાં કામ કરતા વર્ગ–૪ ના કર્મચારીઓને ફાજલ કરી અન્ય શાળામાં મુકવા બાબતે રજુઆત કરેલ છે. જેમાં ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના ઠરાવ ક્માક/બમશ/૧૧–૨૦૦૯–૩૬૦૦૭૧/ન સચિવાલય ગાંધીનગરના તા, ૨૬–૧૦–૨૦૨૦ ના પરીપત્ર મુજબ જે સંજોગોમાં અગાઉના નોર્મસ પ્રમાણે જે જગ્યાઓ મંજુર થયેલ છે અને ભરતી કરેલ છે તેમાં હાલ પુરતો કોઇ ઘટાડો કરવો નહીં તેવો અમલ કરના સ્વ.અંબુભાઇ પટેલ પ્રમુખ હતા. ત્યારે કોર્ટ કેશ પરત ખેંચી લઇ મા.શિક્ષણ મંત્રી અને અધિકારીઓ વચ્ચે સમાધાન પણ થયેલ છે. જેથી વર્ગ –૪ ના કર્મચારીઓ ફાજલ કરવાનો કે અન્ય જગ્યાએ મોકલવાનો પ્રશ્ન રહેતો નથી આ અંગે મહામંડળના પ્રમુખ ભાસ્કરભાઇ પટેલ દ્વારા તા. ૨૩–૧૧–૨૦૨૦ થી રજુઆત પણ થયેલ છે જેથી હાલ રાહ જોવી જરૂરી છે. વધુમાં તેઓએ વર્ષ ૨૦૧૯– ૨૦૨૦ માં કામ કરેલ પ્રવાસી શિક્ષકોના મહેનતાણાની રકમ જાન્યુ. ૨૦૨૦ થી માર્ચ ૨૦૨૦ સુધીની બાકી છે. તે માટે લેખીત–મૌખીક રજુઆત કરતાં મે. જી.શિ ગ્રાન્ટ આવી ગયેલ છે. ટુંક સમયમાં જે તે શાળાના આચાર્યના ખાતામાં ઓનલાઇન જમાં થઇ જશે તેવી હૈયાધારણ આપેલ છે.

## દાહોદના ધામરડા ગામ પાસે રેલ્વે ટ્રેક ઉપર અજાણ્યા યુવકનો મૃતદેહ મળ્યો

દાહોદ,

દાહોદ તાલુકાના ધામરડાં ગામેથી પસાર થતાં દિલ્હી–મુંબઈ રેલ્વે ટ્રેક પરથી અજાણ્યા યુવકની લાશ મળી આવતા ચકચાર મચી જવા પામી છે. બનાવની જાણ થતાં રેલ્વે પોલિસે કાર્યવાહી હાથ ધરી હોવાનું જાણવા મળેલ છે.

વધુ મળતી માહિતી પ્રમાણે દાહોદ તાલુકાના ધામરડા ગામેથી પસાર થતો દિલ્હી–મુંબઈ રેલમાર્ગ પર કોઈક ટ્રેનની અડફેટે આવેલા એક અજાણ્યા યુવકની લાસ જોવાતા ગ્રામજનો દ્વારા દાહોદ રેલ્વે પોલીસને જાણ કરવામાં આવી હતી. જેની જાણ થતાંજ દાહોદ રેલ્વે પોલીસ ઘટના સ્થળે દોડી જઇ જોયું તો યુવક ટ્રેનની અડફેટમાં લોહીલુહાણ હાલતમાં મળી આવેલ છે. રેલ્વે પોલીસે સ્થાનિકો દ્વારા તપાસ કરતા યુવકની ઓળખાણ થવા પામી નહોતી.જોકે યુવકે સફેદ શર્ટ અને સીલેટીયા કલરની પેન્ટના આધારે યુવકના પરિવારની શોધખોળ કરવા રેલ્વે પોલિસ દ્વારા ચક્રોગતિમાન કર્યા છે. હાલ રેલ્વે પોલીસે લાશનો કબજો લઈ દાહોદના સરકારી દવાખાનામાં પી.એમ.અર્થે મોકલી અકસ્માતનો મોતનો ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## લીમખેડાના પાણિયા ગામે ટ્રક ચાલકે બાઈકને અડફેટે લેતા એક મહિલાનુ મોત

લીમખેડા,

લીમખેડા તાલુકાના પાણિયા ગામે પુરપાટ વેગે હંકારી આવેલ એક ટ્રકના ચાલકે સામેથી આવતી મોટરસાયકલને ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો. તેથી મોટરસાયકલ ઉપર સવાર ત્રણ વ્યકિતઓને ઈજાઓ થઈ હતી. જે પૈકી એક મહિલાનુ માથામાં ગંભીર ઈજાઓને કારણે ઘટના સ્થળ ઉપર જ મોત નીપજયું હતુ. તો બે ઈજાગ્રસ્તોને સારવાર માટે લીમખેડા સરકારી દવાખાનામાં ખસેડવામાં આવ્યા હતા.

લીમખેડા તાલુકામાં આવેલા પાણીયા ગામના ફેકટરી ફળિયામાં રહેતા હિરસીંગભાઈ નારાયણ પટેલ મોટરસાયકલ પર તેની કાકી કવલીબેન બાબુભાઈ પટેલ તથા શુગ્રાબેન બાબુભાઈ પટેલ સહિત ખેતરમાં ઘાસ કાપવા માટે જઈ રહ્યા હતા. દરમિયાન રસ્તામાં પાણિયા ગામની ચોકડી પાસે અંતેલા તરફ જવાના રસ્તા ઉપર પહોંચતા સામેથી પુરઝડપે હંકારી આવેલા એક ટ્રકના ચાલકે તેમની મોટર સાયકલ જોશભેર ટકકર મારી હતી. તેથી સર્જાયેલા અકસ્માતમાં કવલીબેન બાબુભાઈ પટેલ(ઉ.વ.પપ)નુ માથામાં તથા શરીરના ભાગે થયેલ ગંભીર ઈજાઓને કારણે ઘટના સ્થળ પર જ મોત નીપજયું હતુ. જયારે મોટરસાયકલ ચાલક હિરાસિંગ નારણભાઈ પટેલને અને શુગ્રાબેન બાબુભાઈ પટેલને ઈજાઓ થવા પામી હતી. ઉકત બંને ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર અર્થે સરકારી દવાખાનામાં ખસેડવામાં આવ્યા હતા.

## માર્ગ અને મકાન વિભાગ કુંભકર્ણની નિંદ્રામાંથી ક્યારે જાગશે : ભે દરવાજા પાસે ગરનાળાની સેફટી દિવાલ બનાવવાનું કાર્ય ક્યારે હાથ ધરાશે ?

દે.બરીઆ,

દેવગઢ બારીઆ શહેર માંથી પસાર થતો રસ્તો જે પાવાગઢ તરફ જતા શ્રદ્ધાળુઓ માટે શોટ કટનો માર્ગ છે. જેથી આ રસ્તાનો ઉપયોગ પગપાળા જતા શ્રદ્ધાળુઓ કરતા આવ્યા છે. જે રસ્તા ઉપર ભે દરવાજા પાસે એક ગરનાળું આવે છે. તેની શેફટી દિવાલ તુટેલી છે. તેમ છતાં આ સેફટી તુટેલી દિવાલનું સમારકામ કરવામાં કેમ આવતું નથી. આ અંગેને અહેવાલ પંચમહાલ સમાચારમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે. તેમ છતાં માર્ગ અને મકાન વિભાગ ઘોર નિંદ્રામાં કેમ છે. ગરનાળાની તુટેલી સેફટી દિવાલ અકસ્માત નોતરશે ત્યારે જાગશે ? પાવાગઢના શ્રદ્ધાળુઓ માંથી પગપાળા જતો શ્રદ્ધાળુ આ તુટેલી દિવાલમાંથી ગરનાળામાં ખાબકશે તો કોણ જવાબદારી લેશે. તેવું ધર્મ પ્રેમી જનતા પૂછે છે શું ? એક વર્ષથી તુટેલી દિવાલના બીલો બનાવી લીધા છે કે શું આ નાળા પાનમ નદીનો પુલ તેમજ નાની ઝરીના ગરનાળા ઉપર મસમોટા ખાડા પડી ગયા છે. અવર જવર કરતા શ્રદ્ધાળુઓની માંગ ઉઠવા પામી છે.

## દાહોદ જીલ્લામાં આજે ૧૫ કોરોના પોઝીટીવ કેસ નોંધાયા

દાહોદ,

દાહોદ જિલ્લામાં આજે વધુ ૧૫ કોરોના પોઝીટીવ કેસો સાથે જિલ્લામાં કોરોના સંક્રમણનો કુલ આંકડો ૨૨૦૬ ને વટાવી ચુક્યો છે. આજે વધુ ૧૫ દર્દીઓને હોસ્ટિલમાંથી રજા પણ આપવામાં આવી હતી અને તેની સાથે એક્ટીવ કેસ૧૮૪ રહેવા પામ્યા છે. આર.ટી.પી.સી.આર.ના ૪૮૭ પૈકી ૧૧ અને રેપીટ ટેસ્ટના ૧૪૨૮ પૈકી ૦૪ મળી આજે ૧૫ કોરોના પોઝીટીવ કેસો નોંધાયા છે. આ ૧૫ પૈકી દાહોદ અર્બનમાંથી ૦૭, દાહોદ ગ્રામ્યમાંથી ૦૧, ઝાલોદ અર્બનમાંથી ૦૨, ઝાલોદ ગ્રામ્યમાંથી ૦૩, દેવગઢ બારીઆ અર્બનમાંથી ૦૧ અને ગરબાડામાંથી ૦૧ કેસનો સમાવેશ થાય છે. દાહોદ જિલ્લામાં શહેરી વિસ્તાર સાથે સાથે ગ્રામીણ વિસ્તારમાં પણ ધીમી ગતિએ કોરોના સંક્રમણનો પ્રકોપ વધી રહ્યો છે. આ બાબત આરોગ્ય તંત્ર માટે પણ ચિંતા વિષય સમાન છે.

# દાહોદ જીલ્લામાં બે માર્ગ અકસ્માતમાં બે વ્યક્તિના મોત

દાહોદ,

દાહોદ જિલ્લામાં વાહન ચાલકોની ગફલતના કારણે સર્જાયેલ માર્ગ અકસ્માતના બે બનાવોમાં બે જણાના અકાળે મોતને પગલે પરિવારજનોમાં માતમ છવાઈ ગયો હતો.

માર્ગ અકસ્માતનો પ્રથમ બનાવ લીમખેડા તાલુકામાં બનવા પામ્યો હતો. જેમાં લીમખેડા તાલુકાના પાણીયા ગામે રહેતો હીરસીંગભાઈ નારણભાઈ પટેલ ગત તા.૨૯મી નવેમ્બરના રોજ પોતાની મોટરસાઈકલ પર કવલીબેન તથા સેગરાબેનને બેસાડી લીમખેડા તાલુકામાંથી પસાર થઈ રહ્યો હતો. આ દરમ્યાન એક ટ્રકના ચાલકે પોતાના કબજાની ટ્રકને પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી હીરસીંગભાઈની મોટરસાઈકલને અડફેટમાં લેતાં મોટરસાઈકલ પર સવાર ત્રણેય જણાના જમીન પર ફંગોળાયા હતા અને જેને પગલે કવલીબેન તથા સેગરાબેન પૈકી એકનું સારવાર દરમ્યાન મોત નીપજ્યું હતુ. આ સંબંધે પાણીયા ગામે ફેકટરી ફળિયામાં રહેતા નારણભાઈ મગનભાઈ પટેલે લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

માર્ગ અકસ્માતનો બીજો બનાવ ઝાલોદ તાલુકાના સારમારીયા ગામે બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૨૯મી નવેમ્બરના રોજ એક મોટરસાઈકલના ચાલકે પોતાના કબજાની મોટરસાઈકલ પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી તે સમયે રસ્તે ચાલતી જતાં ૭૦ વર્ષીય મેતલીબેન કાળીયાભાઈ મોતીભાઈ મેડા (રહે.સારમારીયા)ને અડફેટમાં લઈ જોશભેર ટક્કર મારતાં મેતલીબેનને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતા તેમનું ઘટના સ્થળ પર જ મોત નીપજ્યું હતું. આ સંબંધે સારમારીયા ગામે રહેતા વિજયભાઈ ચીમનભાઈ મેડા દ્વારા લીમડી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## દાહોદના ગમલા ગામે પિયરમાં રહેતી મહિલા એ ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યો

દાહોદ,

દાહોદ તાલુકાના ગમલા ગામે પોતાના પીયરમાં રહેતી પરણિતાને પતિ તથા સાસુ દ્વારા શારિરીક અને માનસીક ત્રાસ આપી ઘરમાંથી કાઢી મુકતાં અને પતિ દ્વારા પોતાના ઘરે નહીં લઈ જતાં મનમાં લાગી આવતાં આ પરણિતાએ પોતાના જ પીયર ગમલા ગામે ઘરમાં મોભ સાથે ઓઢણી બાંધી ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતાં પંથકમાં ખળભળાટ મચી જવા પામ્યો છે.

ગમલા ગામે રહેતી અને દાહોદ તાલુકાના વરમખેડા ગામે ગણાવા ફળિયામાં રહેતા શૈલુભાઈ હીમલાભાઈ ગણાવા સાથે લગ્ન થયેલ રેખાબેન શૈલુભાઈ ગણાવાને તેના પતિ શૈલુભાઈ તથા સાસુ મંગીબેન હીમલાભાઈ ગણાવા દ્વારા રેખાબેન ઉપર ખોટા શક, વહેમ રાખી અવાર નવાર શારિરીક અને માનસીક ત્રાસ આપતાં હતા. ઘણીવાર રેખાબેનને પતિ તથા સાસુ દ્વારા પહેરેલ કપડે કાઢી પણ મુકાઈ હતી પરંતુ રેખાબેનને પિયરવાળાઓ દ્વારા સમાજ રાહે સમાધાન કરી ઘણીવાર તેના પતિના ત્યાં પણ મુકી જઈ સમજાવતાં હતા પરંતુ પતિ શૈલુભાઈ તથા સાસુ મંગીબેને ટસના મસ થતાં ન હતા અને રેખાબેનને તેમના ઘરમાં રાખવા માંગતા ન હતા. આ બાદ છેલ્લા વાર રેખાબેનની માતા બબલીબેન પુનીયાભાઈ ગુંડીયા દ્વારા તથા તેમના પરિવાજનો દ્વારા સમાજ રાહેદ પંચાણું કરી સમાધાન કરાવ્યું હતું પરંતુ પતિ શૈલુભાઈ દ્વારા તે બાદ પણ રેખાબેનને લઈ જવાની ચોખ્ખી ના પાડી દીધી હતી. આખરે રેખાબેન દ્વારા ગત તા.૨૯મી નવેમ્બરના રોજ પોતાના પિયર ગમલા ગામે ઘરમાં મોભ સાથે ઓઢણી બાંધી ગળે ફાંસો ખાઈ આયખું ટુંકાવી લેતાં આ સંબંધે રેખાબેનના માતા બબલીબેન પુનીયાભાઈ ગુંડીયા દ્વારા શૈલુભાઈ તથા તેની માતા મંગીબેન વિરૂધ્ધ કતવારા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી બંન્નેના ધરપકડના ચક્રોગતિમાન કર્યા છે.

## દે.બારીઆના વિરોલ ગામથી નાકાબંધી કરી ફોર વ્હીલમાં લઈ જવાતો ૩૬ હજારનો દારૂ ઝડપ્યો

દાહોદ,

દેવગઢ બારીઆ તાલુકાના વિરોલ ગામે પોલીસની નાકાબંધી દરમ્યાન એક ફોર વ્હીલર ગાડી ત્યાંથી પસાર થતાં પોલીસે તેને ચારેય બાજુથી ઘેરી લઈ ચાલકની અટક કરી ગાડીની તલાસી લેતાં તેમાંથી વિદેશી દારૂની બોટલો નંગ.૮૪ કિંમત રૂા.૩૬,૧૨૦નો પ્રોહી જથ્થો કબજે કર્યાનું જાણવા મળે છે.

ગત તા.૨૯મી નવેમ્બરના રોજ દેવગઢ બારીઆ વિરોલ ગામે નાકાબંધી કરી ઉભી હતી. આ દરમ્યાન ત્યાંથી વિશ્વામિત્રી ઉર્ફે રૂષિ અશ્વિનભાઈ જાદવ (રહે.કાંકલપુર,થાણા ફળિયું, દેવગઢ બારીઆ) નો પોતાના કબજાની હુન્ડાઈ સેન્ટ્રો ફોર વ્હીલર ગાડી લઈ ત્યાંથી પસાર થઈ રહ્યો હતો. ત્યારે પોલીસે તેને ચારેય તરફથી ઘેરી લઈ તેની અટક કરી ગાડીની તલાસી લેતાં તેમાંથી વિદેશી દારૂની પેટી નંગ.૦૭ જેમાં બોટલો નંગ.૮૪ જેની કિંમત રૂા.૩૬,૧૨૦ તેમજ ગાડીની કિંમત મળી કુલ રૂા.૧,૩૬,૧૨૦નો મુદ્દામાલ કબજે લઈ દેવગઢ બારીઆ પોલીસે પ્રોહીનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## સંજેલીના કુંડા ગામે બાઈક ઉપર આવેલ બે ઈસમો એ મહિલાની ગળામાંથી સોનાનું મંગળસૂત્ર લુંટી ફરાર

દાહોદ,

સંજેલી તાલુકાના કુંડા ગામે મોટરસાઈકલ પર આવેલ બે ચેઈન સ્નેચરોએ એક મહિલાના ગળામાંથી રૂા.૩૫ હજારની કિંમતનું સોનાનું મંગળસૂત્ર છુટવી ફરાર થઈ જતાં વિસ્તારમાં ચકચાર મચી જવા પામી હતી.

જશોદાબેન નગીનભાઈ મેસન (રહે.કદવાળ,ગામતળ ફળિયુ,તા.ઝાલોદ,જિ.દાહોદ) ની ગત તા.૨૯મી નવેમ્બરના રોજ સંજેલી તાલુકાના કુંડા ગામે રંગલી ઘાટી પરથી પસાર થઈ રહ્યા હતા તે સમયે નંબર વગરની મોટરસાઈકલ પર આવેલ બે લબુર મુંઝીયાઓએ જશોદાબેનના ગળામાંથી કિંમત રૂા.૩૫ હજારની કિંમતનું મંગળસુત્ર છુટવી ફરાર થતાં બુમાબુમ મચી ઉઠી હતી. આ સંબંધે જશોદાબેન નગીનભાઈ મેસન દ્વારા સંજેલી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## દાહોદ પ્રાંત અધિકારી અને પાલિકા દ્વારા કોવિડ ગાઈડ લાઈનનું પાલન ન કરતાં એક હોટલને સીલ

દાહોદ,

દાહોદ જિલ્લામાં કોરોના સંક્રમણના વધતાં પ્રકોપને ધ્યાનમાં રાખી દાહોદ પ્રાંત અધિકારી અને નગરપાલિકાની ટીમ દ્વારા કોરોના સંદર્ભની સરકારની ગાઈડલાઈનનું ભંગ કરતાં દુકાનદારોને સામે લાલ આંખ કરી સીલ મારવાની કાર્યવાહી હાથ ધરી રહ્યું ત્યારે આજે વધુ એક હોટલને સીલ કરી દેવાતાં ચકચાર મચી જવા પામી છે.

દાહોદ પ્રાંત અધિકારી તેમજ નગરપાલિકાની ટીમ દ્વારા છેલ્લા કેટલાક દિવસોથી દાહોદ શહેરમાં ચેકીંગ હાથ ધરી રહી છે અને સરકારની ગાઈડલાઈનનું ભંગ કરતાં દુકાનદારો, વેપારીઓ હોટલ વિગેરેને સ્થળ પર જ દંડ કરી તેઓના રોજગાર ધંધાને સીલ પણ કરવામાં આવી રહ્યા છે. દાહોદ શહેરમાં છેલ્લા બે અઠવાડિયા દરમ્યાન ૧૦ થી વધુ દુકાન, હોટલ, નાસ્તાની દુકાનો વિગેરેને સીલ કરવામાં આવી છે. ત્યારે આજે શહેરના ઠક્કર ફળિયા ખાતે આવેલ યાદગાર હોટલ (ફાસ્ટ ફુડ)ને પણ કોરોના ગાઈડલાઈનના ભંગ બદલ પ્રાંત અધિકારીની ઉપસ્થિતિમાં સીલ કરી દેવામાં આવી હતી.

## દાહોદ ગુર્જર ભારતી ટ્રસ્ટ દ્વારા પૂજ્ય ઠક્કરબાપાની જન્મ જયંતિ ફુલહાર અને માસ્ક વિતરણ કરાયું

દાહોદ,

પૂજ્ય ઠક્કરબપાની ૧૫૧ મી જન્મ જંયતી નિમીતે ગુર્જરભારતી ટ્રસ્ટ દ્વારા પુજ્ય ઠક્કરબાપાને ફુલહાર ચડાવી માસ્ક વિતરણનો કાર્યક્રમ કરવામાં આવ્યો. આજરોજ પુજ્ય ઠક્કરબાપાની ૧૫૧ મી જન્મજંયતી એ આદિવાસી દલિત, તેમજ અન્ય પછાત વર્ગ ના ઉદારક આર્દશ સેવા મુર્તિ સ્વર્ગવાસ પૂજ્ય ઠક્કરબાપાની જન્મજંયતી નિમીતે ગુજર ભારતી ટ્રસ્ટ દ્વારા ફુલહાર ચડાવી માસ્ક વિતરણનો કાર્યક્રમ કરવામાં આવ્યો. જેમાં ઠક્કરબાપા રોડ ઉપર આવેલ ઠક્કરબાપાનુ સ્ટેચ્યુ પર જઇ આ કાર્યક્રમનું આયોજન કરવામાં આખું જેમાં ટ્રસ્ટના મેનેજીગ ટ્રસ્ટી ગોપાલભાઇ ધાનકા ટ્રસ્ટી સમરસિંહ ગોહીલ સેવા નિર્વૃત – દિનેશભાઇ ડિંડોર અને ગુર્જર ભારતી ટ્રસ્ટ હેઠળ આવેલ વિવિધ કોલેજો અને સ્કુલના આચાર્યઓ એન.એસ.એસ. વિભાગના વિર્ધાથીઓ કાર્યક્રમમાં કરી કાર્યક્રમને સફળ બનાવ્યો અને આજરોજ મેનેજીગ ટ્રસ્ટી ગોપાલભાઇ ધાનકા દ્વારા માસ્ક વિતરણ કરવામાં આવ્યા તમામ આચાર્યો, વિર્ધાથીઓ હાજર રહ્યા અને કાર્યક્રમને સફળ બનાવ્યો.

## તાલાલામાં મોડી રાત્રે અને મોરબીમાં વહેલી સવારે ભૂકંપના આંચકા, કોઈ જાનહાની નહીં

તાલાલા,

એક તરફ કોરોના તો બીજી તરફ સૌરાષ્ટ્રમાં આજે ભૂકંપના ૩ આંચકા અનુભવાતા લોકોમાં ભયનો માહોલ ફેલાયો છે. તાલાલામાં મોડી રાત્રે ૧ અને વહેલી સવારે ૧ આંચકો અનુભવાયો હતો. જ્યારે મોરબીમાં વહેલી સવારે ભૂકંપનો એક આંચકો અનુભવાયો હતો. જેથી કેટલાક લોકો ઘરની બહાર દોડી આવ્યાં હતાં. તાલાલાથી ૨૪ કિલોમીટર દૂર ભૂકંપનું કેન્દ્ર બિંદુ નોંધાયું હતું. જ્યારે મોરબી જિલ્લામાં મોરબીથી ૧૨ કિલોમીટર દૂર ભૂકંપનું કેન્દ્ર બિંદુ નોંધાયું હતું.

મળતી માહિતી અનુસાર સૌરાષ્ટ્રમાં અલગ અલગ જગ્યાએ ભૂકંપના ત્રણ આંચકા આવ્યા છે. બે આંચકા તાલાલા અને એક આંચકો મોરબીમાં નોંધાયો છે. તાલાલામાં સૌ પ્રથમ રાત્રે ૧.૧૨ કલાકે ૩.૨ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો આવ્યો હતો. ભૂકંપનું કેન્દ્રબિંદુ તાલાલાથી ૧૧ કિમી દૂર હતું.

જયારે બીજો ભૂકંપનો આંચકો તાલાલામાં વહેલી સવારે ૫.૫૨ કલાકે ૨.૦ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો આવ્યો હતો. આ ભૂકંપનું કેન્દ્રબિંદુ તાલાલાથી ૧૨ કિમી દૂર હતું. જ્યારે ત્રીજો ભૂકંપનો આંચકે સવારે ૬.૫૭ કલાકે મોરબીમાં આવ્યો હતો. આ ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૧.૯ની હતી. આ ભૂકંપનું કેન્દ્રબિંદુ મોરબીથી ૨૪ કિમી દૂર હતું.

નોંધનીય છે કે મોરબીમાં વહેલી સવારે ભૂકંપનો એક આંચકો અનુભવાયો હતો. જેથી કેટલાક લોકો ઘરની બહાર દોડી આવ્યાં હતાં. તાલાલાથી ૨૪ કિલોમીટર દૂર ભૂકંપનું કેન્દ્ર બિંદુ નોંધાયું હતું. જ્યારે મોરબી જિલ્લામાં મોરબીથી ૧૨ કિલોમીટર દૂર ભૂકંપનું કેન્દ્ર બિંદુ નોંધાયું હતું.

## વડોદરામાં માસ્ક વિના ફરતા ૧૪૧૭ નાગરિકોએ ૧૪ લાખનો દંડ ભર્યો

વડોદરા,

વડોદરામાં રાત્રી કરફ્યુ હોવા છતાં કોરોના સંક્રમિતોની સંખ્યામાં ચિંતાજનક વધારો થઈ રહ્યો છે, ત્યારે વેક્સીન ના શોધાય ત્યાં સુધી તકેદારી એજ એકમાત્ર ઉપાય છે. કોરોના સંક્રમણથી બચવા માટે હાલ માસ્ક પહેરવું અને સોશિયલ ડિસ્ટન્સ જાળવવું આવશ્યક છે. આમ છતાં કેટલાક લોકો માસ્ક પહેર્યા વિના ફરી રહ્યાં છે. આવા લોકો પર પોલીસ તરફથી કાર્યવાહી કરવામાં આવી રહી છે. વડોદરામાં એક તરફ કોરોનાના કેસોમાં સતત વધારો થઈ રહ્યો છે, ત્યાં લોકો માસ્ક પહેરવાનું ટાળી રહ્યાં છે. જે ગંભીર ચિંતાનો વિષય છે. વહીવટી તંત્ર દ્વારા માસ્ક વિના ફરી રહેલા લોકો પાસેથી વસૂલવામાં આવતી દંડની રકમ વધારીને ૧૦૦૦ રૂપિયા કરી દેવામાં આવી છે. આમ છતાં અનેક લોકો હજુ પણ માસ્ક પહેરવાની તસ્દી લેતા નથી.

# માતા કૈકેયી

રાજમાતા કૈકેયી, હા ! રાજમાતા કૈકેયી કારણ એની નિયત અયોધ્યાની રાજમાતા બનવાની ન હતી એતો નિમિત માત્ર હતી ,"નિમિત્ત અને નિયત બન્ને જયાં ભેગાં થાય એ ક્ષણભંગુર ક્ષણ એનુ નામ "નિયતી". આનુ ઉદાહરણ એટલે જ "કૈકયી"

ખરેખર મિત્રો, માતાકૈકેયી ત્રણ રાજા જેટલાં પરાક્રમી હતાં. એમનાં યુધ્ધકૌશલ્યને કારણે રાજા દશરથ એમને સાથે રાખતાં. સુંદરતાથી પણ રાજા અશ્વપતિની આ પુત્રીને વિધાતાએ નવાજી હતી. દશરથરાજાની ત્રણે રાણીઓમાં કૈકેયી સૌથી સુંદર હતાં.

કૈકયી નામ આવે એટલે આપણી સામે સ્વાર્થી, દંભી અને અભિમાની સ્ત્રીની છબી ઉજાગર થાય પણ હકીકત સાવ જ વિપરિત છે. આપણે એ વાત જ જાણીએ જે રામાયણમાં બતાવામાં આવ્યુ કે કૈકેયીને કારણે રામે વનવાસ ભોગવવો પડયો. આપણે જરા પણ વિચાર કર્યો કે જે સ્ત્રી રામને પોતાનાં પુત્રથી પણ વિશેષ પ્રેમ કરતી હોય, જેનાં પરાક્રમથી પ્રભાવિત થઈને રાજાદશરથ જેવાં સૂર્યવંશીએ એમને વરદાન આપેલાં હોય એ સ્ત્રી મંથરા જેવી તુચ્છ દાસીની વાતમાં આવી ગઈ! શું કૈકેયી આટલાં કાચાકાનની હતી? મંથરા તો લગ્નસમયથી કરિયાવરમાં સાથે આવેલી દાસી હતી. તો જયાં સુધી ભરત મોટો થાય એની જ રાહ જોઈ આ બન્ને સ્ત્રીઓએ! તો પછી એવું તે શું હતું કે આજ સુધી પ્રેમાળ કૈકેયીને આજે આવું પગલું ઉપાડવું પડયું !


જીજ્ઞા કપુરીયા (નિયતી)

મારી દ્રષ્ટીએ હકીકત સાવ જ વિપરિત છે. જયારે રાજ્યાભિષેકની તૈયારી ચાલતી હતી ત્યારે પ્રભુરામ માતાકૈકૈયીને રાતનાં મળવાં ગયાં હતાં અને એમણે પોતાનો અવતારકાર્ય પૂર્ણ કરવાં માતા કૈકેયીની મદદ માંગી હતી કારણ માનવકલ્યાણ માટે એમને દાનવરાજ રાવણનો સંહાર કરવો હતો. માતા કૈકેયી તો નિમિત માત્ર જ હતી બધી લીલા તો મારા મર્યાદાપુરૂષોત્તમ પ્રભુરામ જ રચતો હતો!

મંથરાની મતિ પણ એમણે જ ફેરવી હતી. મિત્રો, બુધ્ધિ ચાર પ્રકારની હોયછે... મતિ,સુમતિ, કુમતિ, મહામતિ પણ મંથરાની તો મંદ મતિ...

ખરેખર આવી મંથરા જેવી સ્ત્રીઓ પૃથ્વી ઉપર છે જ અને તે પણ ઘરઘરમાં જુદા-જુદા સ્વરૂપે જીવે છે.

જરા વિચારી જોજો કે રામને સાથ આપવાં કૈકેયીએ પોતાને કલંકિત કરી નાંખી અને કલંક પણ કેવું? પતિહત્યાનો દોષ એને લાગ્યો અને ત્યાં સુધી કે એનો પુત્ર ભરત પણ એનું મોઢું ફેરવી લીધું ત્યારે આ માતાની હાલત કેવી થઈ હશે? આ માતાએ કેટલી હદે લોકોનો તિરસ્કારનો સામનો કર્યો હશે? એક જ રાતનાં એવું તે શું થઈ ગયુ ? રાત સુધી તો કૈકેયી રાજ્યાભિષેકની તૈયારી એકદમ ઉમંગ અને ઉત્સાહથી કરતી હતી ! પણ કહેવાય છે ને કે "ન જાણ્યું જાનકી નાથે સવારે શું થશે?"

અહીંતો જાનકીનાથ જ આખા આ નાટકનો રચેતા હોય તો કોને કહેવું?

મારી દ્રષ્ટિએ કૈકેયીને રામ ભરતથી પણ વધારે વ્હાલાં હતાં તો રામના કહેવાથી આવાં વરદાન માંગતા પણ કૈકેયી પર શું વીતી હશે! એની તો માત્ર કલ્પના જ કરવી રહી! જરા વિચાર કરો મિત્રો વિવિધ વસ્ત્રાભુષણ ને આભુષણોથી સજ્જ રામને જયારે મુનિવસ્ત્ર ધારણ કર્યા અને ગળામાં તુલસીમાળા જોઈને કૈકેયીની દશા શું થઈ હશે?

મારી દ્રષ્ટીએ કૈકેયી હંમેશા સમાજનું હિતઈચ્છનારી અને સમર્થ આપનારી એક પરાક્રમી સ્ત્રી છે, કદાચિત એટલે જ પ્રભુરામે એમનાં અવતારની સિદ્ધતાં માટે કૈકેયીને નિમિત બનાવી અને વિધિની વક્રતા જુઓ કે આ બધું બની રહ્યું હતું ત્યારે ભરત પણ એમની સાથે ન હતાં! જયારે ભરત આવે છે મોસાળથી તો એનો રોષનો સામનો કરતાં કૈકેયૈ ઘણો ક્ષોભ અનુભવ્યો અને પોતે અબુધ બનીને રહી ગઈ અને દોષનો ટોપલો શીરે ચઢાવી દીધો, એટલે જ જયારે રામ વિજય થઈને પાછાં આવે છે ત્યારે સૌથી પહેલાં માતાકૈકેયીને મળવાં જાયછે કારણ આ એક એવું ઋણ હતું જે ક્યારેય પણ ચુકવી શકાશે નહી !


Published by Ajay Kantilal Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Ajay Kantilal Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 84

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

## લોકડાઉનમાં ગેરરીતિનું મોકળું મેદાન મળતા

# ગોધરા તાલુકાના છારીયા ગામમાં રૂા.૪.૫૦ લાખનો રસ્તો ગાયબ





- વર્ષ ૨૦૧૮-૧૯માં મંજુર થયેલ રસ્તો છેલ્લે ૪ મહિના પૂર્વે પૂર્ણ કરાયો.
- હાઈસ્કુલ થી રાઠવા ફળીયા સુધી રસ્તાનું અસ્તિત્વ ન હોવા છતાં તમામ ચુકવણા થયા.
- આ કામ પાછળ આશરે ૪૦ જોબકાર્ડ ધારકોને રોજગારી અપાયાનો દાવો.
- બે વર્ષ સુધી કામગીરી અધ્ધરતાલે ચાલવા છતાં તંત્ર અંધારામાં.
- ૫ લાખ જેટલી મસમોટી રકમ ઉચાપત કરવા છતાં તંત્રનું મૌન.
- યોજનાકીય કામગીરી સ્થળ પર નહીં કરીને ગેરરીતિ આચરાઈ.
- તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયત વચ્ચેની પોલ ખુલી.
- સ્થળ પર રસ્તાની કામગીરી ન હોવા છતાં કેવી રીતે સરકારી ચુકવણા થયા ?
- મહિલા સરપંચ સામે તપાસ હાથ ધરવામાં આવે તેવી માંગ.

ગોધરા,

ગોધરા શહેરની નજીકના આવેલ છારીયા ગામ એક મોડેલ ગામ તરીકે વિકસીત કરીને સરકારની તમામ યોજનાઓનો લાભ એનાયત કર્યો છે. પરંતુ વર્ષ ૨૦૧૮-૧૯માં મનરેગા યોજના હેઠળ રૂા.૪.૫૦ લાખના રસ્તાના કામ હાઈસ્કુલ થી રાઠવા ફળીયાનો મંજુર કરવા છતાં ગ્રામ પંચાયતના સત્તાધિશો એ માત્ર ૪૦ જોબકાર્ડ ધારકોના બોગસ નામ હેઠળ રસ્તો કાગળ પર બનાવીને ઉચાપત કરી હોવાની બુમો ઉઠી છે. બીજી તરફ સ્થળ પર કામગીરી હાથ નહીં ધરતા નાણાં કોના ખિસ્સામાં ગયા તે પ્રશ્ન તપાસનો વિષય બન્યો છે.

મનરેગા યોજના કેન્દ્ર સરકાર દ્વાર છેલ્લા ૧૫ વર્ષથી કાર્યરત છે. બિનકુશળ શ્રમિકોને ઘર આંગણે રોજગારી આપતી આર્શિવાદરૂપ યોજના તરીકે ગણવામાં આવે છે. વર્ષના ૧૦૦ દિવસ રોજગારી આપવાની ગેરંટી આપતી આ મનરેગા યોજના હેઠળ નોંધાયેલા જોબકાર્ડ ધારકોને અગ્રીમતાના ધોરણે રોજગારી આપવાની અગ્રીમતા હેઠળ સ્થાનિક ગ્રામ પંચાયતની માંગણી પ્રમાણે તાલુકા પંચાયતો દ્વારા મંજુરીની મ્હોર વાગતા રસ્તા, ગરનાળા, પીવાના પાણી, સંરક્ષણ દિવાલ જેવા વિકાસના કામોને પ્રાધાન્ય આપવામાં આવેલ છે. તે મુજબ કામગીરી કરવા માટે સ્થાનિક પંચાયતો સંપૂર્ણ સત્તા હેઠળ કામ કરવા બંધાયેલી છે. પરંતુ આ સ્વતંત્રના ઓથા હેઠળ તેવી ગેરરીતિ આચરવામાં તે એક ઉદાહરણ ગોધરા શહેરથી માત્ર આશરે ૮ કિ.મી. કેવી કામગીરી કરવામાં આવી છે. તે એક નમુનારૂપ જોવા મળી રહ્યું છે. ગોધરા તાલુકાના અત્યંત પછાત જણાતા છારીયા ગામ એક આદિવાસી ગામ તરીકે ઓળખવામાં આવીને લોકો ખેતી ઉપર નિર્ભર છે. સંપૂર્ણ ચોમાસાની વરસાદી ઋતુ પર નિર્ભર ખેડુતો છ મહિના અત્યંત બેરોજગારીની સ્થિતી અનુભવી રહ્યા છે. તેવા સમયે મનરેગા યોજના એક લાભદાયી ગણવામાં આવી રહી હતી. ગામમાં હાઈસ્કુલ થી રાઠવા ફળીયા સુધી વર્ષો સુધી રસ્તો અત્યંત બિસ્માર હાલતમાં હોવાથી લોકોને તથા ખેડુતોને પસાર થવામાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો હતો. અવારનવાર માંગણી કરવા છતાં ઉચ્ચતંત્ર બેધ્યાન રહેતા છેવટે ગ્રામ પંચાયત દ્વારા મનરેગા યોજના હેઠળ હાઈસ્કુલ થી રાઠવા ફળીયા સુધી અંદાજીત રૂા.૪.૫૦ લાખની કિંમતનો રસ્તો બનાવવાની દરખાસ્ત મંજુર તાલુકા પંચાયત દ્વારા કરવામાં આવતા છેલ્લા કેટલાક સમય થી કામગીરી કાર્યરત રહીને છેવટે તા.૨૭/૦૬/૨૦૨૦ના રોજ કામગીરી પૂર્ણ કરીને સંપૂર્ણ ચુકવણું કરવામાં આવી છે. આ કામગીરી પાછળ એક અંદાજ પ્રમાણે ૪૦ જેટલા જોબકાર્ડ ધારકોને આપવાનો દાવો કરાઈ રહ્યો છે. પરંતુ સ્થળ પરિસ્થિતી જોતા રસ્તાની કામગીરી નહીં કરીને જે તે સ્થિતીમાં કાચો રસ્તો જોવા સંપૂર્ણ રસ્તોની રકમ ગ્રામ પંચાયતના સત્તાધિશો દ્વારા હચભચ કરવામાં આવી હોવાના આક્ષેપો વચ્ચે તપાસ માંગી લેતો પ્રશ્ન બન્યો છે. હવે જોવું રહ્યું કે અંદાજીત ૫ લાખ જેટલી રકમ કયાં ગેરવલ્લે થઈ અને કોને ગોબાચારી આચરી છે. તેના મૂળીયા વચ્ચે તંત્ર તપાસ હાથ ધરશે તો હકીકત બહાર આવે તેમ છે.

### તમામ રકમ ચુકવણું કરીને ૪૦ જોબકાર્ડ ધારકોને કાગળ ઉપર રોજગારી

મનરેગા યોજનામાં લોકડાઉન સમયે આશરે રૂા.૪.૫૦ લાખના મનરેગા હેઠળના રસ્તાના કામો પૂર્ણ કરવામાં આવ્યા છે. આશરે ૪૦ જેટલા જોબકાર્ડ ધારકોને રોજગારી આપવામાં આવી છે. હાઈસ્કુલ થી રાઠવા ફળીયા સુધીનો રસ્તો પૂર્ણ કરીને ગ્રામજનોને સુવિધા પુરી પાડવામાં આવી છે. હાલમાં તમામ રકમ સરકારે ચુકવણું કરવામાં આવ્યું હોવાનું સરપંચ સોનકીબેન ગમજીભાઈ રાઠવા દ્વારા જણાવવામાં આવ્યું છે.

### ગાંધીનગર વિકાસ કમિશ્નરને પણ ગામ મુલાકાત લેવડાવવામાં આવી છે

છારીયા ગામ એક આદિવાસી ગામ તરીકે ઓળખવામાં આવીને ખેતીલક્ષી રોજગારી લોકો મેળવે છે. ગોધરા શહેરથી નજીક આવેલ હોવાના કારણે તાલુકા પંચાયત સહિતની સરકારી યોજનાઓનો લાભ આ ગામે અગ્રીમતા આપવામાં આવે છે. જ્યારે જ્યારે ગાંધીનગરકક્ષા એથી વિકાસ કમિશ્નર પંચમહાલ જીલ્લાના વિકાસના ગામોની મુલાકાત તથા સ્થળ તપાસ અર્થે આવતા આ છારીયા ગામમાં હાથ ધરાયેલા કામોની પ્રથમ મુલાકાત લેવામાં આવે છે. દરસમયે ગાંધીનગર કક્ષાના અધિકારીઓની ફળશ્રુતીરૂપે સંતોષકારક કામગીરી હોવાનું સર્ટીફિકેટ પણ એનાયત કરવામાં આવે છે. આવી સંતોષકારક કામગીરી વચ્ચે મનરેગા યોજનાના અંદાજીત રૂપીયા ૪.૫૦ લાખના કામોના રસ્તા અચાનક ગાયબ થઈને ગેરરીતિ આચરવામાં આવી છે. એવા સમયે વિકાસ કમિશ્નરે શું દેખરેખ રાખી તે એક જવાબ માંગતો પ્રશ્ન છે ?

## હાલોલ-પાવાગઢ રોડ ઉપર પાર્થ ટ્રેડર્સ ગોડાઉનમાંથી ૨૭ લાખનો અખાદ્ય ગોળનો જથ્થો ઝડપાયો

હાલોલ,

હાલોલ-પાવાગઢ રોડ ઉપર આવેલ પાર્થ ટ્રેડર્સ નામના ગોડાઉનમાં અખાદ્ય (રસકટ ગોળ)નો જથ્થો ટ્રકમાંથી ઉતારવામાં આવી રહ્યો છે. તેવી બાતમીના આધારે આર.આર.સેલ રેડ કરી હતી. રેડ દરમ્યાન ૨૭ લાખનો અખાદ્ય ગોળનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો. ગોળના નમુના લઈ એફ.એસ.એલ. માટે મોકલવામાં આવ્યા.


તસ્વીર : નરેન્દ્ર પરમાર, હાલોલ

વિસ્તૃત વિગતો પ્રમાણે પંચમહાલ જીલ્લા હાલોલ-પાવાગઢ રોડ ઉપર આવેલ પાર્થ ટ્રેડર્સ નામના ગોડાઉનમાં ઉતરપ્રદેશ થી ટ્રકમાં આવેલ અખાદ્ય (રસકટ) ગોળનો જથ્થો ઉતારીને ગોડાઉનમાં રાખવામાં આવી રહ્યો છે. તેવી બાતમી આર.આર. સેલને મળી હતી. બાતમીના આધારે આર.આર.સેલ દ્વારા રેડ કરવામાં આવી હતી. રેડ દરમ્યાન ૪૩૨૦ બોકસ અખાદ્ય (રસકટ) ગોળ કિંમત ૨૭ લાખનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો હતો. ઝડપી પાડવામાં આવેલ અખાદ્ય (રસકટ) ગોળના ત્રણ પ્રકારના જથ્થાના નમુના લઈને એફ.એસ.એલ. માટે મોકલવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી. આ બાબતે હાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## ઘોઘંબાના સરસવા ગામે દેશી બીજ પૂજન મહોત્સવ ઉજવાયો

ઘોઘંબા,

ખેડૂત એ જગતનો તારણહાર છે. ત્યારે આદિવાસી વિસ્તારમાં ખેડુતો દ્વારા દેશી બીજ થી ખેતી કરવામાં આવતી હોય છે. હાલ ના સમય માં ખેડૂતો વધુ ઉત્પાદન અને સારી આવક માટે હાઈબ્રીડ બીજનો ઉપયોગ કરી રહ્યા છે. તેવા સમયે રાસાયણિક ખાતરો પણ વધુ પ્રમાણમાં વાપરે છે. જેના લીધે જમીન પોષણ યુક્ત રહી નથી. આવા સમયે ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળે તે હેતુ થી ઘોઘંબા તાલુકાના સરસવા ગામનાં હાથણીમાતા ફળીયા ખાતે દેશી બીજ પૂજન મહોત્સવ ઉજવવામાં આવ્યો. મહોત્સવમાં ત્રણ ગામના ખેડૂતો ઉપસ્થિત રહ્યા. આ ગામ લોકો દ્વારા પરંપરાગત બીજ જે વર્ષોથી પરંપરાગત ખેતી કરતા આવ્યા છે. આ પરંપરાગત બીજનું પૂજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં એકવીસ પ્રકારનાં પરંપરાગત બીજ ખેડૂતો દ્વારા લાવવામાં આવ્યા હતા. આ કાર્યક્રમ સરસવા ગામની ભજન મંડળી દ્વારા ભજન કિર્તન કરી શરૂઆત કરવામાં આવ્યો. ભજન કિર્તનબાદ જે ખેડૂત મિત્રો દ્વારા પરંપરાગત બીજ લાવવામાં આવ્યા હતા. તે ખેડૂતો પરંપરાગત પદ્ધતિથી પરંપરાગત બીજનો સંગ્રહ કેવીરીતે કરવામાં આવે છે. અને તે બીજનો સ્વાદ અને તેણી રોપણી અને પાક ઉત્પાદન વિશે અનુભવ કહેવામાં આવ્યા. કાર્યક્રમના અંતે પરંપરાગત બીજનું કંકુ ચોખા અને ફૂલ થી પૂજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમનું આયોજન સુમંગલમ ફાઉડેશન દ્વારા સંચાલિત ગ્રામ સમિતિ સરસવા અને સહયોગી સંસ્થા શાશ્વત વિકાસ પ્રબોધન પરિષદ વડોદરા દ્વારા કરવામાં આવેલ હતું.



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

## પંચમહાલ જીલ્લામાં આજે ૨૫ કોરોના પોઝીટીવ કેસ નોંધાતા કુલ આંક ૩૨૪૨ થયો

- ૩૨ દર્દી સાજા થતાં રજા અપાઈ.
- એકટીવ કેસ ૨૩૩.
- મૃત્યુ આંક - ૧૨૨.

ગોધરા,

પંચમહાલ જીલ્લામાં કોરોના કહેર યથાવત રહેવા પામ્યો છે. જીલ્લામાં આજરોજ વધુ ૨૫ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા છે. નવા ૨૫ પોઝીટીવ કેસ સાથે અત્યાર સુધીનો કુલ આંક ૩૨૪૨ થવા પામ્યો છે.

પંચમહાલ જીલ્લામાં કોરોના એ ભરડો લીધો હોય તેવી સ્થિતી નિર્માણ થઈ છે. જીલ્લામાં વધતો જતાં કોરોના પોઝીટીવ આંક ચિંતાનો વિષય બન્યો છે. પંચમહાલ જીલ્લામાં વધુ ૨૫ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યો છે. તેમાં ગોધરામાં-૧૧, હાલોલ-૧૨, કાલોલ-૦૨ કેસ નોંધાવા પામ્યો છે. જીલ્લામાં કોરોના પોઝીટીવ કેસ નોંધાઈ રહ્યા છે. તેવા વિસ્તારોમાં આરોગ્ય વિભાગ દ્વારા સેમ્પલ લેવાની તેમજ સર્વેની કામગીરીમાં ગતિ લાવવામાં આવી છે. પંચમહાલ જીલ્લામાં વધતા કોરોના પોઝીટીવ કેસને લઈ જીલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય તંત્ર સર્તક બન્યું છે. પોઝીટીવ કેસ નોંધાયા તેવા વિસ્તારોમાં હોમ કોરોન્ટાઈન તેમજ માઈક્રો કન્ટેનમેન્ટ કરવામાં આવ્યા છે.

## કોરોના મહામારીએ ફરી માથું ઉંચકતા યાત્રાધામ પાવાગઢ ખાતે યાત્રાળુઓની સંખ્યામાં ઘટાડો


તસ્વીર : નીલેશ જોષી, પાવાગઢ

ગોધરા,

પંચમહાલ જીલ્લા યાત્રાધામ ખાતે કોરોના સંક્રમણની અસર જોવા મળી છે. માતાજીના દર્શનાર્થે આવતા યાત્રાળુઓની સંખ્યા ઘટી છે.

ગુજરાત રાજ્ય તેમજ મધ્યપ્રદેશ, રાજસ્થાનમાં પણ દિવાળીના તહેવારો બાદ કોરોના સંક્રમણના કેસ વધ્યા છે. જેને લઈ અનેક શહેરોમાં રાત્રીના કરફ્યુ લાગુ કરવામાં આવ્યા છે. કોરોના મહામારી બાદ પંચમહાલ જીલ્લામાં આવેલ પાવાગઢ યાત્રાધામ ખાતે અનલોક બાદ મંદિરમાં દર્શન માટે છુટછાટ આપવામાં આવતાં રાજ્ય તેમજ પાડોશી રાજ્યોમાંથી દર્શનાર્થીઓ આવી રહ્યા હતા. જેને લઈ સ્થાનિક ધંધા રોજગાર મેળવતા ધંધાદારીઓમાં ખુશી જોવા મળી રહી હતી. ત્યારે દિવાળીના તહેવાર બાદ ગુજરાત રાજ્ય સહિત દેશભરમાં કોરોના મહામારીએ માથું ઉચકયુ છે અને પ્રતિદિન કોરોના સંક્રમિત કેસ વધી રહ્યા છે. તેની અસર પાવાગઢ યાત્રાધામ ખાતે અસર જોવા મળી છે. કોરોના સંક્રમણના કેસ વધતા યાત્રાળુઓની સંખ્યામાં ઘટાડો થયો છે. હાલ સામાન્ય દર્શનાર્થીઓ દર્શન અર્થે આવી રહ્યા છે. પાવાગઢ યાત્રાધામ ટ્રસ્ટ દ્વારા મંદિરમાં દર્શનાર્થે આવતાં દર્શનાર્થીઓને સોશ્યલ ડિસ્ટન્સ અને ફરજીયાત માસ્ક તેમજ સેનિટાઈઝર કરાઈને દર્શન કરવામાં દેવામાં આવી રહ્યા છે.

## ગોધરામાં ૮૩ વર્ષની ઉંમરે પણ યુવાનોને શરમાવે તેવું દરજી કામ કરતાં વૃદ્ધ



ગોધરા,

ગોધરા શહેરમાં પોલીસ ચોકી નં.૨ સામે દરજી કામની દુકાન ધરાવતા કિશોરભાઈ ઝાલા ૧૫ વર્ષની ઉંમરથી દરજી કામ કરી રહ્યા છે. આ વ્યવસાય સાથે તેઓ છેલ્લા ૬૭ વર્ષથી કાર્યરત છે. આ વ્યવસાયમાં તેમના ધર્મપત્ની માયાબેન પણ તેમને સાથ સહકાર આપે છે તેમને આ નાના દરજીકામના વ્યવસાયની દુકાનમાંથી તેમની સાત દીકરીઓ ને ભણાવી - ગણાવી મોટી કરી લગ્ન કર્યા તથા હાલ પણ તેઓ ૮૩ વર્ષની ઉંમરે યુવાનોને શરમાવે તેવું દરજી કામ કરી પોતાનું ઘર ગુજરાન ચલાવી રહ્યા છે તથા તેમને ત્યાં બીજા કારીગરો પણ તેમના દ્વારા વ્યવસાય મેળવી પોતાનું ઘર ગુજરાન ચલાવી રહ્યા છે. આ દરજી સમાજ માટે યુવાનોને પ્રેરણા મળે તેવું કાર્ય કરી રહ્યા છે. આટલી ઉંમરે પણ તેઓ દરજી કામ કરી અને એ કહેવતને સાર્થક કરે છે કે દરજીનો દીકરો જીવે ત્યાં સુધી સીવે તથા સુરક્ષિત ભારત સ્વસ્થ ભારત અભિયાન હેઠળ તેઓએ જાતે માસ્ક બનાવી જરૂરિયાતમંદ લોકોને પણ વિતરણ કર્યા હતા.

## પંચમહાલ જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા અહેમદભાઈ પટેલને શ્રદ્ધાસુમન અર્પણ




ગોધરા,

પંચમહાલ જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા આજ રોજ ગોધરા કોંગ્રેસ કાર્યાલય ખાતે ગુજરાતના પનોતા પુત્ર,કોંગ્રેસ પક્ષના વરિષ્ઠ રાષ્ટ્રીય નેતા, રાજય સભાના સાંસદ અહેમદભાઈ પટેલને શ્રદ્ધા સુમન અર્પવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ શ્રદ્ધા સુમન કાર્યક્રમ અંતર્ગત જિલ્લા પ્રમુખ અજીતસિંહ ભાટી, રફીક તિજોરીવાલા, યુવા પ્રમુખ મિકકી જોસેફ સહિતના કોંગી કાર્યકરો હાજર રહ્યા હતા. અહેમદભાઈ પટેલના અવસાનથી સમગ્ર રાષ્ટ્ર, કોંગ્રેસ પરિવાર, લોકશાહીના મહામૂલ્યો માટે કામ કરતા અગ્ર ગણ્યો, વિવિધ સમાજ, સંસ્થાઓ અને શુભેચ્છકો અને સ્નેહીજનોને ખૂબ જ મોટી ખોટ પડી હોવાનું જીલ્લા પ્રમુખ અજીતસિંહ ભાટીએ જણાવ્યું હતું.

## ગોધરાના કાંકણપુર ગામની ૨૦ વર્ષીય યુવતિ ઘરે કહ્યા વગર ચાલી જઈ ગુમ થતાં ફરિયાદ

ગોધરા,

ગોધરા તાલુકાના કાંકણપુર ગામે રહેતી ૨૦ વર્ષીય યુવતિ ૨૮ નવેમ્બરના રોજ પોતાના ઘરેથી કહ્યા વગર કયાંક ચાલી જઈ ગુમ થતાં કાંકણપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ. પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા તાલુકાના કાંકણપુર ગામે રાઠોડ ફળીયામાં રહેતી જાનકીબેન હરીશચંદ્રસિંહ રાઠોડ ઉ.વ.૨૦ જે ૨૮ નવેમ્બરના રોજ પોતાના ઘરમાં કોઈને કહ્યા વગર ક્યાંક ચાલી ગયેલ છે. અને પરત નહિ ફરી ગુમ થતાં આ બાબતે કાંકણપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## ગોધરા બહારપુરા વરૂણદેવ ધર્મશાળા પાછળ જુગાર રમતા ૮ જુગારીયાઓને ઝડપી પાડતી પોલીસ

ગોધરા,

ગોધરા શહેર બહારપુરા વરૂણદેવ ધર્મશાળા પાછળ ખુલ્લી જગ્યામાં જાહેરમાં જુગાર રમી રહ્યા છે. તેવી બાતમીના આધારે પોલીસે રેડ કરી હતી. રેડ દરમ્યાન ૮ ઈસમોને ૧૦,૫૮૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા શહેર બહારપુરામ વરૂણદેવ ધર્મશાળા પાછળ ખુલ્લી જગ્યામાં જાહેરમાં જુગાર રમી રહ્યા છે. તેવી

(અનુ.પાના.નં.૨)